## Current Affairs May-2017

### 1.May. 2017

**(૧) ગુજરાત ગૌરવ દિવસ : –**

– ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાતની સ્થાપના થઈ હતી.

– આ વર્ષે ૫૭માં ગુજરાત સ્થાપના દિનની ઉજવણી અમદાવાદ ખાતે થઇ.

– અમદાવાદમાં વિવિધ સ્થળે કાર્યક્રમો યોજાયા તથા મુખ્યમંત્રીના હસ્તે અમદાવાદ જિલ્લા તથા શહેરમાં ૧૬૦૦ કરોડના વિકાસકામો લોકાર્પણ અને ખાતમૂહુર્ત થયું

– શ્રી જગન્નાથ મંદિરથી શ્રવણતીર્થ યાત્રાનું પ્રસ્થાન

– મુખ્યમંત્રીના હસ્તે અમદાવાદના લાલ દરવાજા હોમગાર્ડઝ ભવનનું લોકાર્પણ.

– ગુજરાત સરકાર દ્વારા હોમગાર્ડઝ જવાનોનું માનદ ફરજભથ્થું રૂ. ૨૦૦ થી વધારી રૂ. ૩૦૦ કરાયું છે.

– ગુજરાત સ્થાપના દિનની પ્રથમ વખત ઉજવણી ૧૯૯૨માં અમદાવાદમાં થઈ હતી. એ વખતે ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રી હતા.

– ‘વિશ્વને રોશન કરી ગઇ, દીપિકા ગુજરાતની
સૂર્ય પણ જોતો રહ્યો, જ્યોતિકલા ગુજરાતની’
– શુન્ય પાલનપુરી

– મળતા મળી ગઇ મને મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે
– ઉમાશંકર જોષી

– ‘હુ ગુર્જર ભારતવાસી....
ઝંખુ પલપલ નિશદિન મંગલ મન મારૂ ઉલ્લાસી’
– ઉમાશંકર જોષી

‘ધન્ય ધન્ય ગુજરાતની આ ધરા.
ભારતનો સુંદર ભાગ બને’
– આપા હમીર

**(૨) આંતરરાષ્ટ્રીય શ્રમયોગી દિવસ :**

**(૩) એશિયન સ્કવોશ ચેમ્પિયનશીપ :**

– તાજેતરમાં એશિયન સ્કવોશ ચેમ્પિયનશીપમાં ભારતની ટોંચની ખેલાડી જોશના ચિનપ્પા અને દિપિકા પલ્લિકેલ વચ્ચે ફાઇનલ રમાઇ હતી.

– એશિયન ચેમ્પિયનશીપની ફાઇનલમાં બંને ભારતીય ખેલાડીઓ પહોંચી હતી જે પ્રથમ વખત બન્યું હતું.

– આ મુકાબલામાં પલ્લિકેલને હરાવી જોશના ચિનપ્પા એશિયન ચેમ્પિયન બનનારી પ્રથમ ભારતીય ખેલાડી બની હતી.

– પુરૂષ સિંગલની ફાઇનલમાં ભારતના સૌરવ ઘોષાલનો હોંગકોંગના મેક્સ લી સામે પરાજય થયો હતો.

**(૪) તાલાહાસી ચેલેન્જર્સ – ટેનિસ :**

– ભારતીય ટેનિસ ખેલાડી લિએન્ડર પેસે અમેરિકન ખેલાડી સ્કોટ લીપસકીની સાથે મળી તાલાહાસી ચેલેન્જર્સનું ટાઇટલ જીત્યું.

– ફાઇનલમાં આ જોડીએ આર્જેન્ટિનાના લિયોનાર્ડો મેયર અને મેક્સિમો ગોન્ઝાલેઝની જોડીને પરાજય આપ્યો હતો.

– પેસનું આ વર્ષે બીજું ચેલેન્જર્સ ટાઇટલ છે.

– આ પહેલા પેસે આદિલ રામુસુદ્દીન સાથે મળી મેક્સિકોમાં લિયોન ચેલેન્જર્સ જીત્યું હતું.

**(૫) એશિયન ટૂર ગોલ્ફ ચેમ્પિયનશીપ :**

– ભારતીય ગોલ્ફર શિવ કપૂરે ૧૨ વર્ષ બાદ એશિયન ટુરમાં પોતાનું બીજુ ટાઇટલ જીત્યું.

– ૩૫ વર્ષીય શિવ કપૂરે આ પહેલા કોરિયાની યજમાનીમાં ૨૦૦૨માં યોજાયેલી એશિયન રમતમાં વ્યક્તિગત સ્પર્ધાનો ગોલ્ડ મેડલ જીત્યો હતો.

**(૬) બાર્સેલોના ઓપન ચેમ્પિયનશીપ – ટેનિસ :**

– વિજેતા – રફેલ નડાલ, સ્પેન

– હરિફ – ડોમિનિક થીએમ, ઓસ્ટ્રિયા

– આ જીત સાથે નડાલ દશમી વખત બાર્સેલોના ઓપનમાં ચેમ્પિયન બન્યો.

**(૭) રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટ (RERA) ૨૦૧૬ :–**

– ઘર ખરિદનાર ગ્રાહકોના અધિકારો તેમજ હિતોની જાળવણી માટે તથા રિયલ એસ્ટેટ ક્ષેત્રે પારદર્શકતા લાવવા માટે માર્ચ, ૨૦૧૬માં સંસદમાં RERA બિલ પસાર કરવામાં આવ્યું હતું.

– આ કાયદાની તમામ ૯૨ જોગવાઇઓ પહેલી મે, ૨૦૧૭ થી સમગ્ર દેશમાં અમલમાં આવી જશે.

– આ માટે રાજ્યોએ તેના નિયમો જાહેર કરવા પડશે.

– ગુજરાત સહિત ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ તેના નિયમ જાહેર કરતાં ૧ મે થી આ ૧૩ રાજ્ય કેન્દ્રશાસિત પ્રદેશોમાં RERA લાગુ થશે.

– RERA ની મહત્વની જોગવાઇઓ :
– બિલ્ડરનું રજીસ્ટ્રેશન નહીં હોય તો ૧૦ ટકા દંડ થશે.
– ૫૦૦ ચો. મીટર પ્લોટ તેમજ ૮ ધોરાથી વધુ મોટા પ્રોજેક્ટની નોંધણી ફરજીયાત

– ડેવલપર્સ તેની ઓફીસમાં તેમજ સત્તામંડળની વેબસાઇટ પર પ્રોજેક્ટનો પ્લાન અને તમામ વિગત મુકવાની રહેશે.

– ડેવલપર્સ દ્વારા જયાં સુધી તેના પ્રોજેક્ટનું રજીસ્ટ્રેશન કરાવાય નહીં ત્યા સુધી તે ગ્રાહકોને તેના મકાન, પ્લોટ કે એપાર્ટમેન્ટ ખરીદવા માટે જાહેરાત આપી શકશે નહી

– ડેવલપર્સ દરેક જાહેરાતમાં RERA નો રજીસ્ટ્રેશન નંબર દર્શાવવાનો રહેશે.

– ગ્રાહક સાથે વેચાણકરાર થયા બાદ ગ્રાહક પાસેથી એડવાન્સ પેમેન્ટ પ્રોપર્ટીના ખર્ચના ૧૦ ટકાથી વધુ લઇ શકાશે નહી

– ગ્રાહોકને પઝેશન આપવામાં વિલંબ થાય તો તેણે વેચાણ કરારમાં દર્શાવેલી પુરી રકમ ગ્રાહકને પાછી આપી દેવાની રહેશે.

– જો ગ્રાહક સ્કીમમાં ચાલુ રહેવા માગતો હોય તો જેટલા મહિના વિલંબ થાય તેટલા મહિના બેન્કલોનનું વ્યાજ ચૂકવવાનું રહેશે.

– જેણે કમ્પિલેશન સર્ટિફિકેટ મેળવી લીધુ હોય તેવા પ્રોજેક્ટનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહીં.

– ગ્રાહકો પાસેથી મેળવેલી ૭૦ ટકા રકમ અલગ બેન્ક ખાતામાં જ જમા કરાવવાની રહેશે.

– બાંધકામ અંગેની માહિતી અને પ્રોજેક્ટમાં થયેલી પ્રગતિની વિગતો દર ૩ મહિને અપડેટ કરવાની રહેશે.

– ગ્રાહકોને પઝેશન આપ્યા પછીના ૫ વર્ષમાં જો કોઇ ખામી જણાય તો ડેવલપર્સ તે ૩૦ દિવસમાં કોઇ ચાર્જ લિધા વિના દુર કરી આપવી પડશે.

– સત્તામંડળ કે એપેલટ ટ્રિબ્યુનલના આદેશનો અમલ નહીં કરનાર ડેવલપર્સને ૩ વર્ષની અને એજન્ટ તેમજ ખરીદનારને ૧ વર્ષની સજા કરાશે.

– ૧ મે ૨૦૧૭ થી કાયદાનો અમલ કરનાર ૭ રાજ્ય અને ૬ કેન્દ્રશાસિત પ્રદેશ
રાજ્ય :

Vivekanand Academy Gandhinagar

ગુજરાત, ઉત્તરપ્રદેશ, ઓડિશા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, બિહાર

કેન્દ્રશાસિત પ્રદેશ :

આંદામાન – નિકોબાર, ચંડીગઢ, દાદારાનગરહવેલી દમણ અને દિવ, લક્ષદ્વિપ, દિલ્હી

– આ ૧૩ પૈકી આ કાયદાનો અમલ કરવા માટે ફક્ત મધ્યપ્રદેશે જ સત્તામંડળની રચના કરી છે જ્યારે અન્ય રાજ્યોએ નિયમો ઘડ્યા છે.

**(૮) મન કી બાત :**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેડિયો પર મન કી બાતની ૩૧ મી આવૃતિ દ્વારા જનતાને સંબોધી.

– દર મહિનાના છેલ્લા રવિવારે રેડીયો પર વડાપ્રધાન 'મન કી બાત' દ્વારા જનતાને સંબોધે છે.

– મહત્વના અંશ :

– ન્યુ ઇન્ડિયામાં વીઆઇપી ને નહી પરંતુ ઇપીઆઇ (એવરી પર્સન ઇમ્પોર્ટન્ટ)ને મહત્વ આપો.

– આ વર્ષ સંત રામાનુજાચાર્યની ૧૦૦૦ મી જયંતિ છે. જેમણે સમાજની બદીઓ વિરૂદ્ધ લડાઇ લડી, જે લોકોને અછૂત કહેવામાં આવ્યા તેણે તેમને ગળે લગાડ્યા

– ૧ મે ના રોજ સંત રામાનુજાચાર્યની ટપાલ ટીકીટ પણ બહાર પડશે.

**પ્રશ્નો :**

૧ ગુજરાત સરકાર દ્વારા હોમગાડ્ઝ જવાનોનું ભથ્થુ કેટલું કરવામાં આવ્યું ?

– રૂા. ૩૦૦

૨ ગુજરાત સ્થાપના દિનની પ્રથમ ઉજવણી કયાં થઇ હતી ?

– અમદાવાદ – ૧૯૯૨

૩ વિશ્વને રોશન કરી ગઇ, દીપિકા ગુજરાતની સૂર્ય પણ જોતો રહ્યો, જ્યોતિકલા ગુજરાતની' પંક્તિના લેખક

– શુન્ય પાલનપુરી

(૪) આંતરરાષ્ટ્રીય શ્રમયોગી દિવસ ક્યારે મનાવાય છે ?

– ૧ મે

૫ એશિયન સ્કવોશ ચેમ્પિયનશીપ વિજેતા ?

– જોશના ચિનપ્પા

૬ તાલાહાસી ચેલેન્જર્સમાં કયા ભારતીય ટેનિસ ખેલાડીએ અમેરિકન ખેલાડી સાથે મળી ડબલ્સ ટાઇટલ જીત્યું ?

– લિએન્ડર પેસ

૭ એશિયન ટુર ગોલ્ફ ચેમ્પિયનશીપ વિજેતા ?

– શિવ કપૂર

૮ PERAનું પૂરૂનામ લખો.

– રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટ

૯ ૧ મે, ૨૦૧૭ થી ગુજરાત સહિત કેટલા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં PERA લાગુ થશે ?

– ૧૩

૧૦ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૧ એપ્રિલના રોજ મન કી બાત ની કેટલામી આવૃતી સંબોધી ?

– ૩૧ મી

૧૧ ભારત આ વર્ષે સંત રામાનુજાચાર્યની કેટલામી જન્મજયંતિ ઉજવે છે ?

– ૧૦૦૦મી

## 2.May. 2017

**(૧) તુર્કી પ્રમુખ ભારત પ્રવાસે :**

– હાલમાં તુર્કીના પ્રમુખ તૈયપ એર્દોગન ભારતના રાજકીય ૨ દિવસીય પ્રવાસે આવ્યા.

– બંને દેશો વચ્ચે ટેલિકોમ સહિત ત્રણ કરાર થયા.

– ૧૬ એપ્રિલના રોજ તુર્કીમાં વિવાદાસ્પદ રેફરન્ડમ જીતી લીધા પછી એર્દોગનનો આ પ્રથમ વિદેશ પ્રવાસ છે.

– એર્દોગને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખાત્રી આપી કે આતંકવાદ વિરૂદ્ધની લડાઇમાં સંપૂર્ણ સહકાર આપશે.

**(૨) રશિયન ગ્રાં.પ્રિ. એફ–૧ રેસ :**

– સોચી ખાતે રશિયન ગ્રાં.પ્રિ.માં મર્સિડિઝનો વેલ્ટ્ટેરી બોટ્ટાસ ચેમ્પિયન બન્યો હતો.

– આ રેસમાં ફેરારીનો સેબેસ્ટીયન વેટ્ટલ બીજા ક્રમે રહ્યો હતો.

**(૩) ગુજરાતી ભાષાની પ્રથમ મહાનવલ 'સરસ્વતી ચંદ્ર'ને ૧૩૦ વર્ષ પૂર્ણ થયા :**

– ગુજરાતી ભાષાની પ્રથમ મહાનવલકથા 'સરસ્વતીચંદ્ર'ને એપ્રિલ – ૨૦૧૭ માં ૧૩૦ વર્ષ થયા.

– ગોવર્ધનરામ ત્રિપાઠી લિખિત સરસ્વતીચંદ્રનો પ્રથમ ભાગ 'સરસ્વતીચંદ્ર– બુધ્ધીધનનો કારભાર' એપ્રિલ ૧૮૮૭માં પ્રગટ થયો હતો.

– ત્યારબાદ ક્રમશ : બીજા ત્રણ ભાગ પ્રગટ થયા જેમા છેલ્લો ચોથો ભાગ ૧૯૦૨માં પ્રગટ થયો હતો.

– ૧૮૬૬માં લખાયેલી પ્રથમ નવલકથા પછી સરસ્વતીચંદ્ર સૌથી નોંધાપાત્ર નવલકથા હતી. સાથે સાથે ગુજરાતી ભાષાની પ્રથમ મહાનવલ હતી જે ૧૮૦૦ થી વધુ પાનામાં ફેલાયેલી હોય.

– સાક્ષરભૂમિ નડિયાદના વકીલ ગો.મા. ત્રિપાઠી લિખિત આ મહાનવલને આનંદશંકર ધ્રુવે 'કલિયુગના પુરાણ' એવું નામ આપ્યું હતું.

**(૨) પુજારાને અર્જુન એવોર્ડ આપવા બીસીસીઆઇની ભલામણ :**

– બીસીસીઆઇ દ્વારા આ વર્ષે અર્જુન એવોર્ડ માટે ખેલાડીઓના નામની પસંદગી કરી લીધી છે.

– ટેસ્ટક્રિકેટમાં બેસ્ટ એવા ચેતેશ્વર પુરાજા અને મહિલા ભારતીય ક્રિકેટર અને કેપ્ટન હરમનપ્રીત કૌરનું નામ મોકલવામાં આવ્યું છે.

– રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ માટે કોઇપણ ખેલાડીનું નામ મોકલવામાં આવ્યું નથી.

– પુજારાએ આ સિઝનમાં ૧૩૧૬ ટેસ્ટ રન બનાવ્યા હતા. જે કોઇપણ ભારતીય બેટ્સમેન કરતા વધારે હતા.

પ્રશ્નો :

૧ તુર્કીના પ્રમુખનું નામ જણાવો.

– તૈયપ એર્દોગન

૨ એર્દોગનના ભારત પ્રવાસ દરમિયાન કેટલા કરાર થા ?

– ત્રણ

૩ રશિયન ગ્રાં. પ્રી એફ–૧ રેસ વિજેતા ?

– વેટ્ટેરી બોટ્ટાસ (મર્સિડિઝ ડ્રાઇવર)

૪ ગુજરાતી ભાષાની પ્રથમ મહાનવલને કેટલા વર્ષ પૂર્ણ થયા ?

– ૧૩૦ વર્ષ

૫ સરસ્વતી ચંદ્રનો પેલો ભાગ કયાં નામે પ્રસિદ્ધ થયો હતો ?

– સરસ્વતી ચંદ્ર – બુદ્ધીધનનો કારભાર

૬ સરસ્વતીચંદ્ર કુલ કેટલા ભાગમાં છે ?

– ચાર

૭ સરસ્વતી ચંદ્રના લેખક ?

– ગો.મા. ત્રિપાઠી

૮ સરસ્વતીચંદ્ર નવલકથાને કલયુગનું પુરાણ એવું કોને કહ્યું હતું ?

Vivekanand Academy Gandhinagar

– આનંદશંકર ધ્રુવ

૯ બીસીસીઆઇ દ્વારા કયા ખેલાડીને અર્જુન એવોર્ડ માટે ભલામણ કરાઇ ?

– ચેતેશ્વર પુજારા

૧૦ કયાં મહિલા ક્રિકેટરનું નામ અર્જુન એવોર્ડ માટે મોકલાયું છે ?

– હરમનપ્રીત કૌર

## 3.May. 2017

**(૧) મધ્યપ્રદેશમાં હવે નાણાકીય વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર :**

– મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ દ્વારા કેબીનેટ બેઠક બોલાવ્યા બાદ નાણાકીય વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો.

– મધ્યપ્રદેશનું નાણાકીય વર્ષ હવેથી એપ્રિલથી માર્ચ નહી પરંતુ ૧ જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બરનું રહેશે.

– વર્તમાન નાણાકીય વર્ષ ડિસેમ્બરમાં પૂર્ણ જાહેર કરાશે.

– હવે નવું નાણાંકીય વર્ષ અપનાવનાર અને શરૂ કરનાર મધ્યપ્રદેશ દેશનું પહેલું રાજ્ય બનશે.

– અંગ્રેજો દ્વારા ૧૮૬૭માં બ્રિટિશ સરકાર સાથે તાલમેલ સાધવા માટે ભારતના નાણાંકીય વર્ષમાં સુધારો કરવામાં વર્ષ અમલમાં આવ્યું હતું.

**(૨) મિશન વિમેન એમ્પાવરમેન્ટ પ્રોજેક્ટ :**

– ગુજરાતમાં મહિલાઓને ડિજિટલ લિટરસીથી સાંકળવાના રાજ્ય સરકારના અભિયાનમાં અર્બન કો–ઓપરેટિવ ફેડરેશને મિશન વિમેન એમ્પાવરમેન્ટ પ્રોજેક્ટ લોન્ચ કર્યો.

– આ પ્રોજેક્ટ હેઠળ મહિલાઓને રૂા. ૧૦૦૦ ના ડાઉન પેમેન્ટ સાથે માત્ર એક ટકા વ્યાજે સ્માર્ટફોન, ટેબ્લેટ અપાશે.

– ધો. ૧૨ માં પાસ થઇ કોલેજમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને રૂા. ૧૦૦૦ના ટોકનથી ટેબલેટ આપવામાં આવશે.

**(૩) વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિ બા ગોથાનું અવસાન :**

– દુનિયાના સૌથી વધુ વયની વ્યક્તિ ઇન્ડોનેશિયાના બા ગોથાનું ૧૪૬ વર્ષની વયે અવસાન

– તેમણે બીજું ૪૩ વર્ષની વયે પહેલું વિશ્વયુદ્ધ અને ૭૦ વર્ષની વયે વિશ્વયુદ્ધ જોયું.

**(૪) રાજીવ ગાંધી ખેલરત્ન માટે સરદારસિંહની ભલામણ કરાઇ :**

– ભારતીય હોકી સંઘે રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ માટે પૂર્વ કેપ્ટન અને ખેલાડી સરદારસિંહનું નામ મોકલ્યું.

– સરદારને ૨૦૧૨માં અર્જુન એવોર્ડ અને ૨૦૧૫માં પદ્મશ્રી એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

– અર્જુન એવોર્ડ માટે નીચે મુજબના નામ મોકલાયા :
(૧) એસવી સુનિલ
(૨) દીપિકા
(૩) ધર્મવીરસિંહ

– ધ્યાનચંદ એવોર્ડ માટેની ભલામણ :
(૧) ડૉ. આર.પી. સિંહ
(૨) સુમરઇ ટેટે

– દ્રોણાચાર્ય એવોર્ડ માટેની ભલામણ :
કોચ સંદીપ સાંગવાન
કોચ રોમેશ પઠાણીયા

**(૫) વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે :**

**પ્રશ્નો :**

૧ કયાં રાજયમાં નાણાંકીય વર્ષ જાન્યુઆરી – ડિસેમ્બર થઇ જશે ?

– મધ્યપ્રદેશ

૨ મિશન વિમેન એમ્પાવરમેન્ટ પ્રોજેક્ટ હેઠળ મહિલાઓને કેટલા ડાઉનપેમેન્ટ હેઠળ ટેબ્લેટ અપાશે ?

– રૂા. ૧૦૦૦

૩ હાલમાં અવસાન પામેલ વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિ બબ ગોથા કયાં દેશના વતની હતા ?

– ઇન્ડોનેશીયા

૪ ભારતીય હોકીસંઘે રાજીવાગાંધી ખેલરત્ન માટે કોની ભલામણ કરી ?

– સરદારસિંહ

૫ ભારતીય હોકી સંઘે દ્રોણાચાર્ય એવોર્ડ માટે કોની ભલામણ કરી ?
(૧) સંદીપ સોગવાન
(૨) રોમેશ પઠાણીયા

૬ ૩ મેના રોજ કયો આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?

– વર્લ્ડ પ્રેસ ફ્રીડસ ડે

## 4.May. 2017

**(૧) વિશ્વની ટોપ–૧૦ કાર કંપનીમાં મારૂતિ સુઝુકિને સ્થાન :**

– વિશ્વની ટોપ–૧૦ કાર કંપનીઓમાં ભારતની ઓટો કંપની મારૂતી સુઝુકીને સ્થાન મળ્યું છે.

– આ યાદીમાં મારૂતી સુઝુકી ૩૧.૫૫ની માર્કેટકેપ સાથે ૧૦માં ક્રમે છે.

– આ સાથે ગ્લોબલ ટોપ–૧૦ કાર કંપનીઓમાં સ્થાન મેળવનાર મારૂતિ સુઝુકી પ્રથમ ભારતીય કંપની બની છે.

– ગ્લોબલ ટોપ–૧૦ કાર કંપનીમાં ફોક્સવેગન ૮૦.૫ માર્કેટ વેલ્યુ સાથે પ્રથમ નંબર પર છે.

**(૨) હરિદ્વાર પતંજલી રિસર્ચ સેન્ટરનું ઉદ્‌ઘાટન :**

– હરિદ્વાર પતંજલિ યોગપીઠ દ્વારા રૂા. ૨૦૦ કરોડના ખર્ચે રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ બનાવવામાં આવ્યું

– આ રિસર્ચ સેન્ટરનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કર્યું.

– બાબા રામદેવે પી.એમ. મોદીને રાષ્ટ્રઋષિનો ખિતાબ આપી સન્માનીત કર્યા.

**(૩) વિમ્બલ્ડનમાં ઇનામી રકમમાં વધારો :**

– આ વર્ષે જુલાઇમા યોજનાર વર્ષના ત્રીજા ગ્રાન્ડસ્લેમ વિમ્બલ્ડનની ઇનામી રકમમાં ધરખમ વધારો કરાયો.

– હવે કુલ ઇનામી રકમ ૩૧.૬ મિલિયન પાઉન્ડ કરાઇ છે. જે ગત વર્ષે ૨૮.૧ મિલિયન પાઉન્ડ હતી.

– આ વખતે પ્રથમ રાઉન્ડમાં પણ બહાર થનારને ૩૫,૦૦૦ પાઉન્ડ મળશે.

**(૪) ઉત્તરાખંડની ચારધામ યાત્રાનો પ્રારંભ :**

– દેશની મોટી ચારધામને સમાંતર ઉત્તરાખંડની ચારધામ યાત્રાનો પ્રારંભ થશે.

– યાત્રા ૧૫ એપ્રિલથી નવેમ્બરના બીજા અઠવાડીયા સુધી ચાલશે.

– લગભગ છ મહીના સુધી પુજા અર્ચના થાય એ પછી મંદિરના દ્વાર બંધ કરી દેવાય છે.

– જેઓ દેશના ચારધામ નથી જઇ શકતા તે ઉત્તરાખંડના ચાર ધામ જઇ તેટલું જ પુણ્ય મેળવી શકે છે.

– ભારતીય ધર્મગ્રંથોમાં બદરીનાથ, દ્વારકા, જગન્નાથપુરી, અને રામેશ્વરમને મુખ્ય ચારધામયાત્રા મનાય છે.

**ઉત્તરાખંડના ચારધામ :**

**(૧) યમનોત્રી :**

– ચારધામ યાત્રાની શરૂઆત હરિદ્વારથી થાય છે જ્યાં ગંગા સ્નાન કરી યમનોત્રીમાં યમુનાજીના દર્શન થાય છે.

**(૨) ગંગોત્રી :**

- ચારધામની યાત્રાનું બીજું ધામ ગંગોત્રી છે.
- ગંગોત્રીની ઉંચાઇ ૧૦,૩૦૦ ફુટ છે. ગંગોત્રીમાં ગંગાની દિવ્યશીલાના દર્શન અને સ્નાનનું મહત્વ છે.

**(૩) કેદારનાથ :**

- યાત્રાનું ત્રીજું ધામ કેદારનાથ છે.
- ગૌરીકુંડમાં સ્થાન કર્યા બાદ કેદારનાથનું ૨૨ કિ.મી.નું ચડાણ શરૂ થાય છે.

**(૪) બદરીનાથ :**

- ચારધામ યાત્રાનો ચોથો અને છેલ્લો પડાવ બદરીનાથ
- ઉત્તરાખંડના ગઢવાલમાં સ્થિત ચારધામ ચાર પવિત્ર નદીઓનું ઉદ્‌ગમ સ્થાન છે.

(૧) ઉત્તરાકાશી જિલ્લામાં સ્થિત યમનોત્રીમાંથી યમુના

(૨) ગંગોત્રીમાંથી ગંગા

(૩) રૂદ્રપ્રયાગ જિલ્લામાં સ્થિત કેદારનાથ પાસેથી મંદાકિની

(૪) ચામોલી જિલ્લામાં આવેલા બદરીનાથથી અલકનંદા

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ડીસેમ્બર, ૨૦૧૬ માં ચારધામ મહામાર્ગ વિકાસ પરિયોજનાનો શિલાન્યાસ કર્યો હતો.
- આ પ્રોજેક્ટ હેઠળ ઉત્તરાખંડમાં ૯૦૦ કિ.મી. લાંબા નેશનલ હાઇવેનું નિર્માણ કરાશે. જેમાં ૧૨૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાશે.
- આ રસ્તા પર ૧૩૨ પુલ, ૧૩ બાયપાસ અને ૨ ખાસ ટનલ બનાવાશે.
- ઋષિકેશથી શરૂ થનારો આ પ્રોજેક્ટ ચારધામ કેદારનાથ, બદરીનાથ, ગંગોત્રી અને યમનોત્રી સુધી જશે.
- આ યાત્રા અત્યારે ૮૧૩ કિ.મી ની. થાય છે જે હાઇવે બનતા ઘટની ૩૮૯ કિ.મી. થઇ જશે.

પ્રશ્નો :

૧ વિશ્વની ટોપ-૧૦૦ કાર કંપનીમાં કઇ ભારતીય કંપનીને સ્થાન મળ્યું ?
- મારૂતી સુઝુકી

૨ ગ્લોબલ ટોપટેન કાર કંપનીમાં પ્રથમ નંબર કઇ કંપની છે ?
- ફોક્સવેગન

૩ હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કયાં સ્થળે પતંજલી રિસર્ચ સેન્ટરનું ઉદ્‌ઘાટન થયું ?
- હરિદ્વાર

૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાષ્ટ્રઋષિનો ખિતાબ કોણે આપ્યો ?
- બાબા રામદેવ

૫ જો ૨૦૧૭માં કયાં ગ્રાન્ડસ્લેમ (ટેનિસ) માં ઇનામી રકમમાં વધારો થયો ?
- વિમ્બલ્ડન

૬ દેશમાં નાની ચારધામ યાત્રા કયા રાજ્યમાં થાય છે ?
- ઉત્તરાખંડ

૭ ઉત્તરાખંડના ચારધામ યાત્રા, યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, અને ચોથું યાત્રાધામ જણાવો.
- બદરીનાથ

૮ ભારતીય ધર્મગ્રંથોમાં મુખ્ય ચારધામમાં દ્વારકા, રામેશ્વર, જગન્નાથપુરી અને ચોથું જણાવો.
- બદરીનાથ

૯ ડિસેમ્બર, ૨૦૧૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાની ચારધામ યાત્રા માટે કઇ પરિયોજનાનો શિલાન્યાસ કર્યો હતો ?
- ચારધામ મહામાર્ગ વિકાસ પરિયોજના

૧૦ ચારધામ મહામાર્ગ વિકાસ પરિયોજનામાં કેટલા કિ.મી. લાંબા નેશનલ હાઇવેનું નિર્માણ થશે ?
- ૯૦૦ કિ.મી.

## 5.May. 2017

**(૧) સ્વચ્છતા સર્વેક્ષણ– ૨૦૧૭**

- શહેરી વિકાસ મંત્રાલય દ્વારા દેશના ૪૩૪ શહેરોનો સ્વચ્છતાના સંદર્ભમાં સર્વે કરાયો હતો.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાન હેઠળ આ સર્વે કરાયો હતો.
- આ સર્વેક્ષણમાં ટોંચના ૫૦ સ્વચ્છ શહેરોમાં ગુજરાતના ૧૨ શહેરને સ્થાન મળ્યું છે.
- સર્વેમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, કચરો એકઠો કરવાની કામગીરી, શૌચાલયોની હાલત, સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતતા જેવા મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.
- આ યાદીમાં ઇંદોર દેશનું સૌથી સ્વચ્છ શહેર બન્યું છે જે ૨૦૧૪ના સર્વેમાં ૧૪૯માં સ્થાન પર હતું.
- દેશના ૧૦૦ સ્વચ્છ શહેરોમાં પોલિથીન ફ્રી લેહ ૧૦૦માં ક્રમે છે.
- ટોચના ૫૦ માં આવેલ ગુજરાતના ૧૨ શહેર

| શહેર | રાષ્ટ્રીય સ્વચ્છતા સર્વેક્ષણ ક્રમાંક |
|---|---|
| સુરત | ૪ |
| વડોદરા | ૧૦ |
| અમદાવાદ | ૧૪ |
| રાજકોટ | ૧૮ |
| ગાંધીનગર | ૨૦ |
| નવસારી | ૨૫ |
| વાપી | ૨૬ |
| ભાવનગર | ૩૩ |
| કલોલ | ૩૪ |
| જામનગર | ૩૫ |
| જેતપુર નવાગઢ | ૩૯ |
| ગોધરા | ૪૯ |

ટોચના ૫ શહેર

| શહેર | રાજ્ય | ક્રમ | ૨૦૧૪માં ક્રમ |
|---|---|---|---|
| ઇન્દોર | મધ્યપ્રદેશ | ૧ | ૧૪૯ |
| ભોપાલ | મધ્યપ્રદેશ | ૨ | ૧૦૫ |
| વિશાખાપટ્ટનમ | આંધ્રપ્રદેશ | ૩ | ૨૦૫ |
| સુરત | ગુજરાત | ૪ | ૬૩ |
| મૈસૂર | કર્ણાટક | ૫ | ૧ |

દેશના ગંદા–૫ શહેર :

| શહેર | રાજ્ય | ક્રમ |
|---|---|---|
| ગૌંડ | ઉત્તરપ્રદેશ | ૪૩૪ |
| ભૂસાવળ | મહારાષ્ટ્ર | ૪૩૩ |
| બગહા | બિહાર | ૪૩૨ |
| હરદોઇ | ઉત્તરપ્રદેશ | ૪૩૧ |
| કટિહાર | બિહાર | ૪૩૦ |

**(૨) ભારતીય ફૂટબોલ ટીમ ટોપ– ૧૦૦ માં સામેલ :**

- તાજેતરમાં ફિફા દ્વારા જાહેર કરાયેલી રેન્કિંગમાં ભારતીય ફૂટબોલ ટીમ ૧૦૦માં સ્થાને પહોંચી ગઇ.
- છેલ્લા ૨૧ વર્ષમાં પ્રથમ વખત ભારતીય ટીમ –ટોપ–૧૦૦માં પહોંચી છે.
- ગત મહિને ભારત ૧૦૧માં ક્રમ પર હતું.
- આ પહેલા ૧૯૯૬માં ભારત ૯૪માં ક્રમે હતું.

Vivekanand Academy Gandhinagar

- નિકારગુઆ, લિથુઆનિયા અને ઇસ્ટોનિયા જેવી ટીમો પણ ભારત સાથે સંયુક્ત રીતે ૧૦૦માં ક્રમે છે.
- ભારત ફૂટબોલ ટીમ કોચ – સ્ટીફન કોન્સ્ટેન્ટાઇન

**(૩) Oppo એપ્રિલ, ૨૦૧૭ થી બીસીસીઆઇનું સ્પોન્સર :**

- Oppo મોબાઇલ કંપની એપ્રિલ ૨૦૧૭ થી ૫ વર્ષ માટે બીસીસીઆઇનું સ્પોન્સર રહેશે.
- Oppo ૫ વર્ષના કરાર માટે બીસીસીઆઇને ૧૦૭૯ કરોડ રૂપિયા આપશે.
- બીસીસીઆઇના સીઇઓ અને Oppo મોબાઇલના અધ્યક્ષ સ્કાઇ લી દ્વારા મુંબઇમાં Oppo ના લોગો વાળી ભારતીય ક્રિકેટ ટીમની નવી જર્સી લોન્ચ કરી હતી.

**(૪) વેનેઝુએલામાં ભોજન માટેની કટોકટી :**

- ઓઇલના અખુટ ભંડાર હોવા છતાં વેનેઝુએલામાં દાણા દાણા માટે લોકો વલખા મારે છે.
- લોકો કચરામાં પડેલું ભોજન શોધીને ખાવા મજબુર છે.
- આ કારણે થઇ રહેલા દેખાવોમાં ૩૦ લોકોના મોત નિપજ્યા છે.
- આઇએમએફ અનુસાર વર્ષાંત સુધીમાં અહી મોંઘવારી દર ૨૨૦% થી વધીને ૭૦૦% થઇ શકે છે.

**તબાહીના કારણો :**

- વેનેઝુએલાનું ૯૫ ટકા મહેસૂલ ક્રુડ ઓઇલમાંથી આવે છે.
- ક્રુડની કિંમત ૧૨૫ ડોલર પ્રતિ બેરલ થઇ ગઈ છે.
- ત્રણ વર્ષમાં મહેસૂલમાં ભારે ઘટાડો
- દેશ પર ૭.૫ અબજ ડોલરનું વિદેશી દેવું.
- સરકારે ઇંધણની કિંમતમાં ૬૦૦૦% નો વધારો કર્યો તેથી ૧ ડોલરમાં એક લીટર ગેસ ૬૦ યુએસ ડોલર થઇ ગયો.
- દેશની સૌથી મોટી નોટ ૧૦૦ બોલિવરની કિંમત ૦.૦૪ ડોલર થઇ
- વેનેઝુએલાની રાજધાની : કરાકસ

પ્રશ્નો :

૧ સ્વચ્છતા સર્વેક્ષણ – ૨૦૧૭ મુજબ ગુજરાતનું સૌથી સ્વચ્છ જાહેર ?
- સુરત

૨ સ્વચ્છતા સર્વેક્ષણ – ૨૦૧૭ મુજબ ભારતનું સૌથી સ્વચ્છ શહેર ?
- ઇંદોર

૩ દેશનું સૌથી ગેહુ શહેર ?
- ગૌંડા

૪ સ્વચ્છતા સર્વેક્ષણ – ૨૦૧૭માં ટોંચના ૫૦ શહેરોમાં કેટલા ગુજરાતી શહેરોના સમાવેશ થયો ?
- ૧૨

૫ કયા મંત્રાલય દ્વારા દેશના ૪૩૪ શહેરોનો સ્વચ્છતા સંદર્ભમાં સર્વે કરાયો ?
- શહેરી વિકાસ મંત્રાલય

૬ ભારતીય ફૂટબોલ ટીમે મે, ૨૦૧૭ના રેન્કિંગ મુજબ કયો સર્વશ્રેષ્ઠ ક્રમ મેળવ્યો ?
- ૧૦૦

૭ ભારતીય ફૂટબોલ ટીમ કોચ ?
- સ્ટીફન કોન્સ્ટેનાઇન

૮ કઇ મોબાઇલ કંપનીએ ૫ વર્ષ માટે બીસીસીઆઇને સ્પોન્સર કરશે ?
- ઓપ્પો

૯ ઓપ્પોના અધ્યક્ષ
- સ્કાઇ લી

૧૦ મે–૨૦૧૭ની સ્થિતિએ કયા રાષ્ટ્રમાં ભોજન માટે પણ કટોકટી થઇ ?
- વેનેઝૂએલા

૧૧ વેનેઝૂએલાનું ચલણ ?
- બોલીવર

૧૨ વેનુઝૂએલા રાજધાની ?
- કરાક્સ

## 6.May. 2017

**(૧) અગ્નિ–૨ નું સફળ પરિક્ષણ :–**

- ૪ મેના રોજ ભારતે પરમાણુ ક્ષમતાથી સજ્જ અગ્નિ–૨ મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યું.
- આ પરિક્ષણ ઓડિશાના બાલાસોરમાં આવેલ એ.પી.જે.અબ્દુલ કલામ ટાપુ પરથી કરાયું હતું.
- જમીન થી જમીન પર લક્ષ્ય સાધી શકતી આ મિસાઇલની મારક ક્ષમતા ૨૦૦૦ કિ.મી.ની છે.
- આ મિસાઇલ ૨૦ મીટર લાંબી અને ૧૭ ટન વજન છે જે ૧૦૦૦ કિલોના પેલોડનું વહન કરી શકે છે.

**(૨) કૃષિ મહોત્સવ – ૨૦૧૭ :**

- રાજ્યભરમાં ૬ મે થી ૨૭ મે, ૨૦૧૭ દરમિયાન કૃષિ મહોત્સવનું આયોજન થશે.
- રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી વિવિધ કૃષિલક્ષી યોજનાનો લાભ ખેડૂતો સુધી પહોંચે તે હેતુથી કાર્ય કરાશે.
- રાજ્ય સરકાર દ્વારા કૃષિ મેળાનો આરંભ ખેડા જિલ્લાના નડિયાદથી મુખ્યમંત્રી દ્વારા કરાવાશે.

**(૩) લિલાબેન શેઠ :**

- દિલ્હી હાઇકોર્ટના પ્રથમ મહિલા ન્યાયમૂર્તિ લીલાબેન શેઠનું અવસાન.
- તેઓ લંડનની બાર પરિક્ષામાં પ્રથમ સ્થાન હાસલ કરનાર પ્રથમ મહિલા હતા.
- આ ઉપરાંત તેઓ હિમાચલપ્રદેશ હાઇકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ હતા.
- ૨૦૧૪માં તેમનું પુસ્તક પ્રકાશિત થયું હતું. ‘ટોકિંગ ઓફ જસ્ટિસ : પીપલ્સ રાઇટ ઇન મોર્ડન ઇન્ડિયા’

પ્રશ્નો :

૧ અગ્નિ–૨ ની મારક ક્ષમતા જણાવો.
- ૨૦૦૦ કિ.મી.

૨ એ.પી.જે. અબ્દુલકલામ આઇલેન્ડ કયાં રાજયમાં આવેલ છે ?
- ઓડિશા

૩ કૃષિ મહોત્સવ – ૨૦૧૭ નો સમયગાળો જણાવો.
- ૬ મે થી ૨૭ મે ૨૦૧૭

૪ રાજ્ય સરકાર દ્વારા કૃષિમેળાનો પ્રારંભ ક્યાંથી કરાયો.
- નડીયાદ, ખેડા

૫ દિલ્હી હાઇકોર્ટના પ્રથમ ન્યાય મૂર્તિનું નામ જણાવો.
- લીલાબેન શેઠ

૬ ટોકિંગ ઓફ જસ્ટિસ : પીપલ્સ રાઇટ ઇન મોર્ડન ઇન્ડિયા’ પુસ્તકના લેખક ?
- લીલાબેન શેઠ

## 7.May. 2017

**(૧) પન્નાલાલ પટેલ : જન્મજયંતિ :**

Vivekanand Academy Gandhinagar

– ગુજરાતના મહાન સાહિત્યકાર પન્નાલાલ પટેલની આજે ૧૦૫ મી જન્મજયંતિ છે.
– જન્મ ૭ મે ૧૯૧૨ (હાલનું રાજસ્થાન – ડુંગરપુર)
– તેમને 'માનવીની ભવાઇ' નવલકથા માટે ૧૯૮૫ માં જ્ઞાનપીઠ (૨૧ મો) પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
– તેમની પ્રખ્યાત કૃતિ : મળેલા જીવ, ઘમ્મર વલોણું, ભાંગ્યાના ભેરુ, વળામણા (લઘુ નવલ) વાત્રકને કાંઠે (વાર્તાસંગ્રહ) વગેરે...

**(૨) એશિયાન બોક્સિંગ ચેમ્પિયનશીપ**

– કઝાકિસ્તાનમાં ચાલી રહેલી એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ભારતના શિવા–થાપાએ સિલ્વર મેડલ જીત્યો.
– કેટેગરી : ૬૦ કિ.ગ્રા વજન વર્ગ
– ફાઇનલમાં કઝાકિસ્તાનના અબ્દુરા ઇમોવિચની સામે પરાજય થયો હતો.
– આ સાથે શિવા થાપા એવો પ્રથમ બોક્સર બની ગયો છે જેને એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપમાં સળંગ ત્રીજો મેડલ મેળવ્યો હોય.
  (૧) ૨૦૧૩ – ગોલ્ડ મેડલ
  (૨) ૨૦૧૫ – બ્રોઝ મેડલ
  (૩) ૨૦૧૭ – સિલ્વર મેડલ

**(૩) અર્જુન એવોર્ડ માટે WFI ની ભલામણ :**

– રેસલીંગ ફેડરેશન ઓફ ઇન્ડિયાએ બે રેસલર માટે ભારત સરકારને અર્જુન એવોર્ડ માટે ભલામણ કરી
  (૧) ફ્રી સ્ટાઇલ રેસલર – સંદીપ તોમર
  (૨) ગ્રીકો રોમન સ્ટાઇલમાં લડનાર – હરદીપસિંહ
– દ્રોણાચાર્ય એવોર્ડ માટે ભલામણ : નેશનલ કોચ કુલદિપ મલીક
– ધ્યાનચંદ એવોર્ડ માટે ભલામણ :
  (૧) સતિશ કુમાર
  (૨) જયપ્રકાશ
  (૩) અનિલકુમાર
  (૪) આરસી સારંગ
– બેડમિન્ટન :
  – આ ઉપરાંત બેડમિન્ટન એસોસિએશન ઓફ ઇન્ડિયા દ્વારા ડબલ્સ ખેલાડી એન સિક્કી રેડ્ડી અને બી સુમીત રેડ્ડીના નામની ભલામણ અર્જુન એવોર્ડ માટે કરાઇ છે.

**(૪) અઝલાન શાહ કપ : હોકી**

– વિજેતા : ગ્રેટ બ્રિટન
– રનર્સ અપ : ઓસ્ટ્રેલિયા
– ત્રીજા સ્થાન માટે ભારતે ન્યૂઝીલેન્ડને ૪–૦ થી હરાવી બ્રોન્ઝ મેડલ જીત્યો.
– આયોજન – ઇપોહ, મલેશિયા

**(૫) એશિયન એવોર્ડ :**

– ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકરને આ વર્ષના એશિયન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

પ્રશ્ન :

૧ કઇ કૃતિ માટે પન્નાલાલ પટેલને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો હતો ?
– માનવીની ભવાઇ
૨ કઝાકિસ્તાનમાં યોજાયેલ એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપમાં શિવા થાપાએ કયો મેડલ જીત્યો ?
– સિલ્વર
૩ એશિય બોક્સિંગ ચેમ્પિયનશીપમાં સળંગ ત્રણ મેડલ જીતનાર ?
– શિવા થાપા
૪ અર્જુન એવોર્ડ માટે WFI એ કયાં બે રેસલરની ભલામણ કરી ?
– સંદિપ તોમર, હરદિપસિંહ
૫ દ્રોણાચાર્ય એવોર્ડ માટે કયાં કોચની ભલામણ કરાઇ ?
– કુલદીપ મલીક
૬ અઝલાન શાહ કપ કઇ રમત માટે સંકળાયેલ છે ?
– હોકી
૭ અઝલાનશાહ હોકી કપ–૨૦૧૭માં ભારતનું સ્થાન ?
– બ્રોન્ઝ મેડલ (ત્રીજું)
૮ અઝલાન શાહ કપ વિજેતા ટીમ ?
– ગ્રેટ બ્રિટન

## 8.May. 2017

**(૧) વિશ્વ થેલેસેમીયા દિવસ :**

**(૨) ડૉ. જી.પી. તલવાર :**

– રક્તપિત (કૃષ્ટરોગ) બિમારીના વેક્સીનના શોધક
– ગુજરાતમાં રાજકોટની મુલાકાત લઇ આ રોગ માટેની રસીનું લોકાર્પણ કર્યું.
– ડૉ. જી.પી. તલવારે ૧૯૯૨માં તેનું સંશોધન કરી ૨૦૦૦ માં તેની પેટન્ટ રજીસ્ટર્ડ કરાવી હતી.
– ભારત સરકારે તેમને પદ્મભૂષણથી સન્માનીત કર્યા હતા.

**(૩) આઇએનએસ તરકશ :**

– ભારતીય નૌકાદળનું આઇએનએસ તરકશ જહાજ લંડન પહોંચ્યું
– ૨૦૦ વર્ષ અગાઉ ભારતમાં નિર્માણ પામેલ એમએમએસ ત્રિંકામોલી નામના જહાજની યાદમાં ઇન્ડો યુકે યર ઓફ કલ્ચર હેઠળ ભારત તથા બ્રિટનના જહાજ સંયુક્તરૂપે અભ્યાસ કરશે.

**(૪) યુકેના સૌથી ધનિકોમાં હિંદુજા બંધુઓ :**

– યુકેના 'સન્ડે ટાઇમ્સ' દ્વારા જાહેર કરાયેલા એક હજાર અતિ ધનિકોમાં ૪૦ ભારતીય મૂળના છે.
– આ યાદીમાં ભારતીય મૂળના જાણીતા ઉદ્યોગપતિ બંધુઓ શ્રીચંદ અને ગોપીચંદ હિન્દુજા ૧૬.૨ અબજ પાઉન્ડની અંદાજીત સંપતિ સાથે દેશના સૌથી ધનિક લોકોમાં પ્રથમ ક્રમે છે.
– ભારતીય મૂળના અન્ય ઉદ્યોગ સાહસિક બંધુઓ ડેવિડ અને સાયમન રૂબેન કે જેઓ ગયા વર્ષે લિસ્ટમાં મોખરે હતા તેઓ આ વખતે ૧૪ અબજ પાઉન્ડ સંપતિ સાથે ત્રીજા ક્રમ પર છે.
– તથા લક્ષ્મી મિત્તલ ૧૩.૨ અબજ પાઉન્ડ સંપતિ સાથે ચોથા સ્થાને છે.

**(૫) વાલીઓની વેદના :**

– સ્કુલ સંચાલકો દ્વારા ઉઘરાવાતી બેફામ ફી સામે સંદેશ ન્યુઝનું અભિયાન 'વાલીઓની વેદના'
– આ માટે સંદેશની વેબસાઇટ પર વોટ કરી અથવા તમારા અભિપ્રાય આપી આ અભિયાનમાં જોડાઇ શકાય છે.
  વેબસાઇટ : www.sandesh.com / valionivedna
– સંદેશ ન્યુઝ વાલીઓના અભિપ્રાય પ્રસિદ્ધ કરશે.
– દેશમા ફી નિયંત્રણ લાવનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.
– પરંતુ ખાનગી સંચાલકો દ્વારા થતી લૂંટ સામે અભિયાન હાથ ધરાયુંછે.

**(૬) સુનીલ નારાયણ – ક્રિકેટર (આઇપીએલ–૧૦)**



Vivekanand Academy Gandhinagar

- કોલકતા નાઇટ રાઇડર્સના પ્લેયર સુનિલ નારાયણે આઇપીએલ – ૧૦ માં ફાસ્ટેસ્ટ ફિફ્ટીનો રેકોર્ડ નોંધાવ્યો.
- માત્ર ૧૫ બોલમાં ૫૦ રન ફટકારી ઇતિહાસ રચ્યો.
- તેણે રોયલ ચેલેન્જર બેંગ્લોર વિરૂદ્ધ આ સિદ્ધિ નોંધાવી હતી.
- સુનિલ નારાયણ વેસ્ટઇન્ડિઝનો બોલર છે.

પ્રશ્નો :

(૧) આઇપીએલ–૧૦ માં ફાસ્ટેસ્ટ ફિફ્ટી કયા ખેલાડીના નામ પર છે ?
- સુનીલ નારાયણ

(૨) સુનીલ નારાયણે કઇ ટીમ વિરૂદ્ધ માત્ર ૧૫ બોલમાં ૫૦ રન ફટકાર્યા હતા ?
- રોયલ ચેલેન્જર બેંગ્લોર

(૩) સ્કૂલમાં ફિ નિયંત્રણ મુદ્દે કયાં ન્યુઝપેપરે 'વાલીઓની વેદના' અભિયાન ચલાવ્યું ?
- સંદેશ

(૪) દેશમાં સ્કૂલો ફિ નિયંત્રણ લાવાર પ્રથમ રાજ્ય ?
- ગુજરાત

(૫) યુકેના સૌથી વધુ ધનિકોમાં ટોંચ પર કોન છે ?
- હિંદુજા બંધુઓ

(૬) ઇન્ડો–યુકે પર ઓફ કલ્ચરમાં ભાગ લેવા ભારતનું કયું જહાજ યુકે પહોંચ્યું?
- આઇએન તરકશ

(૭) રક્તપીત (કૃષ્ટરોગ) વેક્સીનના શોધક ?
- ડૉ. જી.પી. તલવાર

(૮) ડૉ. જી.પી. તલવારને ભારત સરકારે કયાં એવોર્ડથી પદ્મભૂષણ

(૯) ૮ મે ના રોજ કયો આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- વિશ્વથેલેસેમીયા દિવસ

## 9.May. 2017

**૧) ઇમૈનુંએલ મેક્રોન : ફ્રાંસ પ્રમુખ**

- ઇમૈનુએલ મેક્રોન ફ્રાંસના પ્રમુખપદે ચૂંટાઇ આવતાં તેઓ હવે ફ્રાંસના સૌથી નાની વયના પ્રમુખ બનશે.
- જમણેરી રાષ્ટ્રવાદી મહિલા નેતા મરીન લી પેનનો પરાજય થયો.
- મેક્રોનને ૬૬ ટકા મત તથા લી પેને ૩૪ ટકા મત મળ્યા હતા.
- મેક્રોન ૨૦૧૨માં રાષ્ટ્રપતિ ઓલાંદેના આર્થિક સલાહકાર હતા.

**(૨) ભારતના કુલ સાત બોક્સરો વર્લ્ડ બોકિંસ માટે ક્વોલિફાય**

- તાજેતરમાં તાશ્કંતમાં રમાઇ રહેલી એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ભારતના કુલ સાત બોક્સરોએ વર્લ્ડ બોક્સિંગ માટે ક્વોલિફાય કર્યુ.
- બોક્સરોના નામ અને કેટેગરી :

| નામ | કેટેગરી |
|---|---|
| મનોજકુમાર | ૬૯ કિ.ગ્રા |
| સતિશકુમાર | ૯૧ પ્લસ કિ.ગ્રા. |
| વિકાસ ક્રિષ્નન | ૭૫ કિ.ગ્રા. |
| અમિત ફંગલ | ૪૯ કિ.ગ્રા. |
| શિવા થાપા | ૬૦ કિ.ગ્રા. |
| સુમિત સંગપાન | ૯૧ કિ.ગ્રા. |

**(૩) ઇસ્તંબુલ ટેનિસ ટૂર્નામેન્ટ :**

- વિજેતા : માર્ટિન સિલિક, ક્રોએશિયા
- રનર્સ અપ : રાઓનિક, કેનેડા

પ્રશ્ન :

૧ ફ્રાંસના નવા પ્રમુખનું નામ જણાવો.
- ઇમૈનુએલ મેક્રોન

૨ મેક્રોન પૂર્વ રાષ્ટ્રપતિ ઓલાંદેના સમયમાં કયા પદ પર હતા ?
- રાષ્ટ્રપતિના આર્થિક સલાહકાર

૩ તાશ્કંતમાં યોજાયેલ વર્લ્ડ બોક્સિંગમાં ભારતના કુલ કેટલા બોક્સરો વર્લ્ડ બોક્સિંગ માટે ક્વોલિફાય થયા ?
- સાત

૪ ઇસ્તંબુલ ટેનિસ ટૂર્નામેન્ટ વિજેતા ?
- માર્ટિન સિલિક

## 10.May. 2017

**૧) VIVO પ્રો. કબડ્ડી લીગના સ્પોન્સર :–**

- ચાઇનીઝ મોબાઇલ કંપની વિવોએ ૩૦૦ કરોડ રૂપિયામાં પ્રો. કબડ્ડી લીગની ટાઇટલ સ્પોન્સરશીપ મેળવી.
- આ કરાર ૫ વર્ષ માટે થયો છે. જે આગામી જુલાઇ ૨૦૧૭ થી લાગુ થશે.

**(૨) સિમીસિંહ : ક્રિકેટર :**

- ભારતીય મૂળના ક્રિકેટર સિમીસિંહને આયરલેન્ડની ક્રિકેટ ટીમમાં સામેલ કરાયો છે.
- આયર્લેન્ડ ટીમના કોચ જહોન બુંસવેલે વખાણ કરતાં કહ્યું કે સિમીસિંહ ઓલરાઉન્ડર ખેલાડી છે તથા મેદાનની ચારે તરફ રન ફટકારી શકે છે.

**(૩) ઝૂલન ગોસ્વામી : ભારતીય મહિલા ક્રિકેટર :**

- ભારતીય મહિલા ક્રિકેટ ટીમની પૂર્વ કેપ્ટન ઝૂલન ગોસ્વામીએ મહિલા વન–ડે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ ક્રિકેટ ઝડપનાર બોલર બની ગઇ છે.
- ૧૦ મે–૨૦૧૭ની સ્થિતિએ ૧૫૩ મેચમાં તેની ૧૮૧ વિકેટ થઇ ગઇ છે.
- તેણીએ સાઉથ આફ્રિકા સામેની મેચમાં ત્રણ વિકેટ ઝડપી ઓસ્ટ્રેલિયાની પૂર્વ ખેલાડી કેથરીન ફિટ્સપેટ્રિકના ૧૮૦ વિકેટનો રેકોર્ડ તોડ્યો હતો.
- કેથરીને આ સિદ્ધિ ૧૦૯ મેચમાં મેળવી હતી.
- ઝુલન ગોસ્વામીએ ૨૦૦૨માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું.
- તથા ૨૦૦૭માં આઇસીસીની મહિલા ક્રિકેટ ઓફ ધ યર બની હતી.

**રેલ્વે ટિકિટ : પેઓન ડિલિવરી :**

- હવે રેલવે યાત્રીઓ પૈસા આપ્યા વિના ઓનલાઇન ટિકિટ બુક કરાવી શકશે.
- બાદમાં ઘરે તેમને ટિકિટ મળે પછી પૈસા ચૂકવવાના રહેશે.
- આઇઆરસીટીસીએ ૬૦૦ શહેરમાં 'પે ઓન ડિલિવરી' નામની આ સુવિધા ચાલુ કરવાની જાહેરાત કરી :

**પ્રક્રિયા :**

- આ સુવિધા મેળવવા એકવાર પાન કાર્ડ કે આધાર કાર્ડ દ્વારા રજીસ્ટ્રેશન કરાવવું પડશે
- બાદમાં આઇઆરસીટીસીની વેબસાઇટ કે મોબાઇલ એપ દ્વારા ટિકિટ બુક થઇ શકશે.
- મુસાફરીના ઓછામાં ઓછા પાંચ દિવસ પહેલા ટિકિટ બુક કરાવવી પડશે.
- જો ટિકિટન કુલ રકમ ૫૦૦૦ રૂપિયાથી ઓછી

Vivekanand Academy Gandhinagar

- હશે તો ૯૦ રૂપિયા અને વધુ હશે તો ૧૨૦ રૂપિયા સર્વિસ ચાર્જ આપવો પડશે.

**(૫) ગુજરાત રાજ્ય અન્ન આયોગ :**

- રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ અંતર્ગત ફરિયાદ નિવારણ માટે ગુજરાત રાજ્ય અન્ન આયોગનો શુભારંભ
- જિલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લાના નિવાસી અધિક ક્લેક્ટરને ફરીયાદ થઇ શકશે.
- તથા રાજ્ય કક્ષાએ રાજ્ય અન્ન આયોગ 'અન્નભવન' સેક્ટર–૧૭ માં થઇ શકશે.
- રાજ્ય અન્ન આયોગ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ સંભાળશે.

**(૬) જીએસટીને સમર્થન આપતુ વિધેયક વિધાનસભામાં પસાર :**

- ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની કેન્દ્રના કાયદાને સમર્થન આપતું વિધેયક ગુજરાત વિધાનસભામાં સર્વાનુમતે પસાર કરી દેવામાં આવ્યું.
- આ સાથે જ ગુજરાત આ વિધેયક પસાર કરનારું દેશનું ૧૧મું રાજ્ય બન્યું છે.
- જીએસટી બિલમાં રાજ્ય સરકાર કોઇ જ ફેરફાર કરી શકે નહીં આ એકાધિકાર જીએસટી કાઉન્સિલને આપવામાં આવેલો છે.

પ્રશ્ન :

(૧) પ્રો. કબડ્ડી લીગની પાંચમી સીઝનના સ્પોન્સર ?
- વિવો

(૨) કયા ભારતીય મૂળના ક્રિકેટરને આયર્લેન્ડ ટીમમાં સ્થાન મળ્યું ?
- સિમીસિંહ

(૩) ભારતીય મહિલા ક્રિકેટમાં કઇ બોલરે વિશ્વમાં સૌથી વધુ વિકેટ લેવાનો વિક્રમ બનાવ્યો ?
- ઝુલન ગોસ્વામી (૧૮૧ વિકેટ)

(૪) ઝૂલન ગોસ્વામીએ કયાં વર્ષમાં આઇસીસી વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યરનો એવર્ડ જીત્યો હતો ?
- ૨૦૦૭

(૫) રેલવેની ટિકિટ માટે પે ઓન ડિલિવરી સ્કિમમાં ૫૦૦૦ થી વધુની કુલ રકમમાં કેટલો ચાર્જ લાગશે ?
- ૧૨૦ રૂા.

(૬) પે ઓન ડિલિવરીમાં કેટલા દિવસ પહેલા ટિકિટ બુક કરાવવી ફરજીયાત છે ?
- પાંચ દિવસ

(૭) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો –૨૦૧૩ અંતર્ગત ફરિયાદ નિવારણ માટે ગુજરાતમાં શેની શરૂઆત થઇ ?
- ગુજરાત રાજ્ય અન્ન આયોગ

(૮) ગાંધીનગરમાં આવેલ ગુજરાત રાજ્ય અન્ન આયોગના બિલ્ડિંગનું નામ જણાવો.
- 'અન્નભવન'

(૯) જીએસટીને સમર્થન આપતું વિધેયક પસાર કરનાર ગુજરાત કેટલામું રાજ્ય બન્યું ?
- ૧૧ મું

(૧૦) જીએસટી બિલમાં રાજ્ય સરકાર ફેરફાર કરી શકે કે નહી ?
- નહી

## 11.May. 2017

**(૧) હિતુ કનોડીયાને દાદાસાહેબ ફાળકે ફીલ્મ એવોર્ડ :**

- ગુજરાતી કલાકાર હિતુ કનોડીયાને દાદા સાહેબ ફાળકે ફિલ્મ ફાઉન્ડેશન એવોર્ડ એનાયત થયો.
- ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીને આપેલા યોગદાન માટે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- હિતુએ બાળકલાકાર તરીકે ગુજરાતી ફિલ્મોમાં કરિયરની શરૂઆત કરી હતી.
- તેમની મન મોતી અને કાચમાં વકીલની ભૂમિકા ખૂબ જ વખણાઇ હતી.

**(૨) ભારત ૨૦૧૭–૧૮ જીડીપી ૭.૨ ટકા –આઇએમએફ**

- ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઇએમએફ)એ વર્ષ ૨૦૧૭–૧૮ માટે ભારતનો જીડીપી ૭.૨ ટકા રહેવાનો લક્ષ્યાંક સાધ્યો છે.
- આઇએમએફ મુજબ નોટબંધીના કારણે ટૂંક સમય માટે અવરોધ ઉભો થયા પછી આ વર્ષમાં ૭.૨ ટકા જીડીપી હાંસલ થઇ શકશે.
- તથા ૨૦૧૮–૧૯ના વર્ષમાં ૭.૭ ટકાનો અંદાજ આપ્યો હતો.

**(૩) ગ્લોબલ પાસપોર્ટ ઇન્ડેક્સ :**

- ગ્લોબલ પાસપોર્ટ ઇન્ડેક્સમાં ભારતનો રેન્ક ૭૭માં પહોંચ્યો.
- વિશ્વના ૧૯૩ દેશોના પાસપોર્ટ રેન્ક જાહેર કરાયા.
- તમામ દેશોની આ રેન્કિંગ વિઝા ફ્રી અને વિઝાઓન અરાઇવલના સ્કોરને મેળવીને કરાઇ છે.
- દુનિયાભરમાં સૌથી શક્તિશાળી પાસપોર્ટમાં પહેલું સ્થાન જર્મની અને સિંગાપુરનું છે.
- આ બંને દેશોમાં ૧૫૯ દેશો વિઝા ફ્રી સાથે સંયુક્તપણે પ્રથમ ક્રમાંકે છે.
- સ્વિડન ૧૫૮ દેશોમાં વિઝા ફ્રી સ્કોર સાથે બીજા ક્રમે છે.
- આ રેન્કિંગમાં ચીનને ૭૦ અને પાકિસ્તાનને ૯૧ મો ક્રમ મળ્યો છે.

પ્રશ્ન :

૧ કયાં ગુજરાતી કલાકારને દાદાસાહેબ ફાળકે ફિલ્મ એવોર્ડ એનાયત થયો ?
- હિતુ કનોડિયા

૨ આઇએમએફના અંદાજ મુજબ વર્ષ ૨૦૧૭–૧૮ માં ભારતનો જીડીપી ?
- ૭.૨ ટકા

(૩) ગ્લોબલ પાસપોર્ટ ઇન્ડેક્સ માં કયાં બે દેશ સંયુક્તપણે પ્રથમ છે ?
- જર્મની સિંગાપોર

(૪) ગ્લોબલ પાસપોર્ટ ઇન્ડેક્સમાં ભારતનો ક્રમ જણાવો ?
- ૭૭

(૫) ગ્લોબલ પાસપોર્ટ ઇન્ડેક્સમાં વિશ્વમાં કેટલા દેશોના પાસપોર્ટ રેન્ક જાહેર કરાયા ?
- ૧૯૩

## 12.May. 2017

**(૧) વડાપ્રધાન : નરેન્દ્ર મોદી : શ્રીલંકા પ્રવાસ :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શ્રીલંકા દ્વારા વૈશાખ દિવસની આંતરરાષ્ટ્રીય ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું.
- દુનિયાભરમાં વસતી બૌદ્ધ પ્રજા માટે વૈશાખીનો દિવસ ખૂબ જ મહત્વનો રહે છે.
- આ દિવસ ગૌતમ બુદ્ધના જન્મ દિવસ જ્ઞાન અને નિર્વાણ સાથે જોડાયેલો છે.
- યુનો દ્વારા તેની આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવણી થાય છે અને આ વર્ષે શ્રીલંકાના યજમાનપદે ઉજવણી થઇ રહી છે.
- આ પર્વ માટે શ્રીલંકા પ્રથમ વખત યજમાન બન્યો છે.

- બે દિવસીય પ્રવાસે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાચીન બૌદ્ધ સીમા મલાકા મંદિર ગયા અને બૌદ્ધ ધર્મના આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ વૈશાખ સમારોહમાં હાજરી આપી.
- કોલંબો ખાતે ગંગારામૈયા મંદિરમાં પુજા અર્ચના કરી
- તેમણે ભારતની ૧૫૦ કરોડ રૂ. ની મદદથી બનેલી સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું.
- તથા શ્રીલંકામાં ૧૦૦૦ ઘર બનાવવાની જાહેરાત કરી
- ઓગસ્ટ મહિનાથી વારાણસી–કોલંબો ફ્લાઇટ શરૂ કરવા પણ જાહેરાત કરી
- શ્રીલંકા રાષ્ટ્રપતિ : મૈત્રીપાલ સિરિસેના
- શ્રીલંકા વડાપ્રધાન : વિક્રમસિંહ

**(૨) પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામિણ)**

- સૌ કોઇને ઘરનું ઘર મળે તે માટે કેન્દ્ર સરકારની યોજના.
- આ યોજના અંતર્ગત લાભાર્થીની પસંદગી એસ.ઇ.સી.સી. ૨૦૧૧ ના ડેટા પ્રમાણે થાય છે.
- આવાસનું બાંધકામ ૨૫ ચો.મી.
- PMAY અંતર્ગત સહાયની રકમ રૂા. ૧,૨૦,૦૦૦/–
- અન્ય યોજનાઓ સાથે સંકલનથી પાણી, વિજળી રસ્તા વગેરે પ્રાથમિક સુવિધાઓ
- લાભાર્થી દીઠ મળવા પાત્ર સહાય :
- યોજનાની મળવા પાત્ર સહાય ૧,૨૦,૦૦૦/–
- મનરેગા હેઠળ મળવા પાત્ર માનવદિનની રોજગારી ૧૭૨૮૦/–
- સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ આવાસ દીઠ બનનાર શૌચાલયની સહાય ૧૨,૦૦૦
- કુલ સહાય રૂા. ૧,૪૯,૨૮૦/–

આ યોજના હેઠળ જેતે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિને અનુરૂપ મકાનનું બાંધકામ તથા મોનીટરીંગ માટે અદ્યતન તકનીક જીઓ ટેપીંગ અને મોબાઇલ ટેકનોલોજીનો ઉપયોગ.

**(૩) દેશનું પ્રથમ ગીર ગાય અભયારણ્ય :**

- દેશના પ્રથમ ગીર ગયા સંવર્ધન કેન્દ્રનું ખાતમૂહુર્ત પોરબંદરના ધરમપુર ખાતે કેબિનેટ મંત્રી બાબુભાઇ બોખિરિયાના હસ્તે કરવામાં આવ્યું.
- પશુપાલનના વ્યવસાયને વિકસાવવા લુપ્ત થતી ગીર અને કાંકરેજની ઉત્તમ ઓલાદની ગાયોનું સંવર્ધન કરવાના હેતુથી આ અભયારણ્ય બનાવવામાં આવશે.
- આ માટે ધરમપુર ગ્રામપંચાયતની ગૌચરની જમીન ઉપર આ કાઉ સેન્ચ્યુરી બનાવાશે.
- કુલ ૩૫૮ હેક્ટર જમીનમાં નિર્માણ પામશે.
- આ જમીનનો કબજો ક્લેક્ટર દ્વારા પશુપાલન વિભાગને સોંપવામાં આવ્યો છે.
- બે હજાર જેટલી ગીરગાયનું અહીં સંવર્ધન કરવામાં આવશે.
- ખર્ચ : ૪૩ કરોડ :

પ્રશ્ન :

(૧) મે ૨૦૧૭માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી બૌદ્ધ ધર્મના વૈશાખ સમારોહમાં હાજરી આપવા કયાં દેશમાં ગયા હતા. ?
- શ્રીલંકા

(૨) શ્રીલંકા પ્રવાસે વડાપ્રધાનશ્રી કઇ ફ્લાઇટની જાહેરાત કરી ?
- વારાણસી–કોલંબો

(૩) શ્રીલંકા –રાષ્ટ્રપતિ
- મૈત્રીપાલ – સિરિસેના

(૪) પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાભાર્થીને કેટલી સહાય મળે છે ?
- ૧, ૨૦,૦૦૦/–

(૫) PMAY માં કેવા લાભાર્થીને સહાય મળવાપાત્ર છે ?
- એસ.ઇ.સી.સી. ૨૦૧૧ના ડેટા મુજબ

(૬) PMAY માં કુલ કેટલી સહાય મળવાપાત્ર છે ?
- ૧,૪૯,૨૮૦

(૭) દેશનું પ્રથમ ગીર ગાય અભયારણ્ય કયા બનશે ?
- ધરમપુર, પોરબંદર

(૮) દેશની પ્રથમ કાઉ સેન્ચુરીનું સંચાલન કોણ કરશે ?
- જૂનાગઢ કૃષિ યુનિ અને પશુપાલન વિભાગ

## 13.May. 2017

**(૧) અમિતાભ બચ્ચન – WHO ના સદ્‌ભાવના દૂધ :**

- બોલિવુડના મહાનાયક અમિતાભ બચ્ચનને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના સદ્‌ભાવના દૂત નિયુક્ત કરાયા છે.
- તેઓ હિપેટાઇટીસ રોકવા અંગે લોકોમાં જાગૃતિ લાવશે.
- તેઓ પણ હિપેટાઇટીસ થી પીડિત રહી ચૂક્યા છે.

**(૨) વિષ્ણું પંડ્યા – સાહિત્ય અકાદમીના અધ્યક્ષ :**

- વરિષ્ઠ પત્રકાર અને જાણીતા ઇતિહાસકાર વિષ્ણુ પંડ્યાની ગુજરાત સાહીત્ય અકાદમીના અધ્યક્ષપદે વરણી થઇ.
- તેઓ હવે ભાગ્યેશ જહાનું સ્થાન લેશે.

**(૩) સિનિયર એશિયન રેસલિંગ ચેમ્પિયનશીપ :**

- દિલ્હી ખાતે યોજાયેલ એશિયન કુસ્તી ચેમ્પિયનશીપમાં રિયો ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા ભારતની સાક્ષી મલિકે સીલ્વર મેડલ જીત્યો ?
- ફાઇનલમાં સાક્ષીનો જાપાનની રિસાકો કવાઇ સામે પરાજય થયો હતો.
- સાક્ષીએ ૬૦ કિ.ગ્રા. વજન વર્ગમાં ભાગ લીધો હતો.
- આ ઉપરાંત વિનેશ ફોગટે પણ ૫૫ કિ.ગ્રા. વજનવર્ગમાં સિલ્વર મેડલ જીત્યો.

**(૪) વિજયકુમાર સારસ્વત :**

- વિજ્ઞાની અને DRDO ના પૂર્વ વડા વિજયકુમાર સારસ્વત JNU ના નવા ચાન્સેલર બનશે.
- તેઓ ઇસરોના પૂર્વ વડા કૃષ્ણસ્વામીનું સ્થાન લેશે.

**(૫) પ્રો. કબડ્ડી લીગમાં ૧૨ ટીમ થઇ :**

- પ્રો કબડ્ડી લીગમાં હવે ૪ નવી ટીમોની એન્ટ્રી સાથે કુલ ૧૨ ટીમ થઇ.
- આ વર્ષે નવી ઉમેરાયેલ ટીમ – અમદાવાદ, ચેન્નઇ, લખનઉ અને હરિયાણા
- અમદાવાદની ટીમ અદાણી ગ્રુપ દ્વારા ખરીદવામાં આવી.
- જ્યારે ચેન્નાઇની ટીમના માલીકોમાં સચીન તેડુંલકર પણ સામેલ છે.

**(૬) ITF ટૂર્નામેન્ટ (ટેનિસ) થાઇલેન્ડ :**

- થાઇલેન્ડમાં યોજાયેલ ITF ટૂર્નામેન્ટમાં ભારતની આંતરરાષ્ટ્રીય ટેનિસ ખેલાડી અંકિતા રૈના અને બ્રિટનની એમિલી સ્મિથે ડબલ્સનું ટાઇટલ જીત્યું.
- ફાઇનલમાં આ જોડીએ થાઇલેન્ડની નુડનીડા લૂએન્ગનમ અને ચીનની યુકુન ઝાંગને પરાજય આપ્યો હતો.

**(૭) થાઇલેન્ડ ઓપન ગોલ્ડન સિરિઝ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટ :**

- બેન્કોકમાં રમાયેલી આ ટૂર્નામેન્ટમાં ભારતીય જૂનીયર ટેબલટેનિસ ટીમે બ્રોન્ઝ મેડલ જીત્યો.
- ભારત–એની આ જુનિયર ટીમમાં ગુજરાતના માનવ ઠક્કર અને માનુષ શાહનો વિજયી દેખાવ રહ્યો હતો.

પ્રશ્નો :

(૧) WHO ના સદ્‌ભાવના દૂત કોને બનાવવામાં આવ્યા ?

- અમિતાભ બચ્ચન

(૨) સાહિત્ય અકામીના અધ્યક્ષ ?

- વિષ્ણુ પંડ્યા

(૩) દિલ્હી ખાતે યોજાયેલ સિનિયર એશિયન રેસલીંગ ચેમ્પિયનશીપમાં સાક્ષી મલીકે કેટલા કિલો વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો ?

- ૬૦ કિ.ગ્રા.

(૪) જેએનયુના વડા કોને બનાવવામાં આવ્યા ?

- વિજયકુમાર સારસ્વત

(૫) પ્રો. કબડ્ડી લીગમાં હવે કેટલી ટીમ ભાગ લેશે ?

- ૧૨

(૬) પ્રો. કબડ્ડી લીગમાં ગુજરાત ટીમના માલીક ?

- અદાણી ગ્રુપ

(૭) થાઇલેન્ડમાં યોજાયેલી આઇટીએફ ટૂર્નામેન્ટમાં ભારતની કઇ ખેલાડીએ ડબલ્સમાં ગોલ્ડમેડલ જીત્યો ?

- અંકિતા રૈના

## 14.May. 2017

**(૧) મધર્સ ડે :**

- દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે મધર્સ ડે ઉજવાય છે.

**(૨) અમૂલ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ન્યુઝિલેન્ડનું સ્પોન્સર :**

- ઇંગ્લેન્ડ ખાતે આગામી ૧ જૂનથી શરૂ થઇ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં અમુલ ન્યુઝિલેન્ડ ક્રિકેટ ટીમનું સ્પોન્સર બનશે.
- અમુલ દ્વારા ચેમ્પિયન્સ ટ્રોફી માટે ન્યુઝીલેન્ડની ટીમના મુખ્ય સ્પોન્સર તરીકે કરાર કર્યા છે.
- ગુજરાત કો. ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના મેનેજીંગ ડિરેક્ટર : આર.એસ.શોઢી

**(૩) એશિયન રેસલીંગ ચેમ્પિયનશીપ :**

- બજરંગ પુનિયા :
- ભારતીય રેસલર બજરંગ પુનિયાએ ૬૫ કિ.ગ્રા. વજનવર્ગ માં ગોલ્ડ મેડલ જીત્યો.
- તેણે દક્ષિણ કોરિયાની લી સેમુંગ – ચૂલને પરાજય આપ્યો હતો.
- સરિતા :
- મહિલા વિભાગમાં ભારતની સરિતાએ સિલ્વર મેડલ જીત્યો
- ફાઇનલમાં તેનો કિર્ગિસ્તાનની ટ્યાનબેકોવા સામે પરાજય થયો હતો.

પ્રશ્ન :

(૧) મધર્સ ડે ક્યારે મનાવાય છે ?

- મે મહિનાના બીજા રવિવારે

(૨) ચેમ્પિયન્સ ટ્રોફી–૨૦૧૭ કયાં યોજાશે ?

- ઇંગ્લેન્ડ

(૩) ચેમ્પિયન્સ ટ્રોફી – ૨૦૧૭માં ન્યુઝિલેન્ડ ટીમનું સ્પોન્સર કોણ હશે ?

- અમૂલ

(૪) ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના મેનેજીંગ ડિરેક્ટર ?

- આર.એસ.શોઢી

(૫) એશિયન રેસલીંગ ચેમ્પિયનશીપમાં ભારતીય બજરંગ પુનીયાએ કેટલા કિ.ગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો ?

- ૬૫ કિ.ગ્રા.

## 15.May. 2017

**(૧) ટોપ–૧૦૦ સાહસિક મુડીપતિઓ ફોર્બ્સ :**

- ફોર્બ્સ મેગેઝીન દ્વારા ટોપ–૧૦૦ સાહસિક મુડીપતિઓની યાદી બહાર પડાઇ.
- આ યાદી ‘મિડાસ ૨૦૧૭’ માં વિશ્વના ટોચના વેન્ચર કેપિટાલિસ્ટનો સમાવેશ થાય છે.
- યાદીમાં ભારતીય મૂળના ૧૧ સાહસિકોને સ્થાન મળ્યું છે.
- બેટરી વેન્ચરના જનરલ નિરજ અગ્રવાલ આ યાદીમાં ૧૭ માં ક્રમે છે. જે ભારતીય મૂળના ૧૧ લોકોમાં પ્રથમ છે.

**(૨) વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાં. પ્રિ.માં ભારતનો દેખાવ :**

- ચીનમા યોજાયેલ વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાં.પ્રિ.માં ભારતને એક ગોલ્ડ અને એક બ્રોન્જ મળ્યો.
- રામુદ્રી સોમેશ્વર ૨૧૯ : ૨૦૦ મીટર દોડમાં ગોલ્ડમેડલ જીત્યો.
- હોકાટો સોમા : ગોળા ફેંક ઇવેન્ટમાં બ્રોન્જ મેડલ જીત્યો.
- આ સાથે આ બંને પેરા એથ્લિટ્સ લંડનમાં યોજાનાર પેરા એથ્લેટિક્સ માટે ક્વોલિફાય પણ થયા છે.

**(૩) અર્જુન મૈની : કાર રેસર :**

- ભારતીય રેસર અર્જુન મૈનીએ સ્પેનમાં યોજાયેલી જીપીથ્રી સિરિઝની કાર રેસીંગ ઇવેન્ટમાં રેસ ટુ જીતીને ઇતિહાસ રચ્યો
- આ સાથે તે જીપીથ્રી સિરિઝમાં રેસ જીતનારો પ્રથમ ભારતીય બની ગયો છે.
- જીપીથ્રી ના રેસર્સની યાદીમાં અર્જુન હવે ત્રીજા ક્રમે આવી ગયો છે.
- વિશ્વની સૌથી લોકપ્રીય કારરેસીંગ ચેમ્પિયનશીપ ફોર્મ્યુલા વનમાં હાએસ ટીમે અર્જુનને ડેવલપમેન્ટ રેસર તરીકે કરારબદ્ધ કર્યા છે.

**(૪) ગગન નારંગ : શૂટર :**

- હેનોવરમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય શૂટીંગ સ્પર્ધામાં ભારતીય શૂટર ગગન નારંગે સિલ્વર મેડલ જીત્યો.
- સ્વીડનના કાર્લ ઓલેસને ગોલ્ડ મેડલ જીત્યો.
- નારંગે આ મેડલ તેના સ્વર્ગસ્થ મેન્ટર ભીષ્મરાજ બામને અર્પણ કર્યો હતો. જેઓ હાલમા જ અવસાન પામ્યા છે.

**(૫) એશિયન રેસલીંગ ચેમ્પિયનશીપ :**

- દિલ્હી ખાતે યોજાયેલ એશિયન કુસ્ત ચેમ્પિયનશીપમાં આખરી દિવસે પહેલવાને સુમીતે ૧૨૫ કિ.ગ્રા. વજન વર્ગમા સિલ્વર મેડલ જીત્યો.
- આ સાથે એશિયાન કુસ્તી ચેમ્પિયનશીપમાં ભારતે ૧ ગોલ્ડ , ૫ સિલ્વર, અને ૪ બ્રોન્જ સહીત ૧૦ મેડલ મેળવ્યા.
- જાપાન આઠ ગોલ્ડ સાથે ૧૬ મેડલ જીતીને નંબર વન બન્યું.
- મેડલ ટેલીમાં ઇરાન બીજા અને કઝાકિસ્તાન ત્રીજા સ્થાન પર રહ્યું

**(૬) સ્પેનિસ ગ્રાં.પ્રિ. એફ–૧ રેસ :**

- મર્સિડીઝ ડ્રાઇવર લુઇસ હેમિલ્ટન સ્પેનિસ ગ્રાં.પ્રિ. એફ–૧ રેસ જીતી.
- તથા સબેસ્ટીયન વેટ્ટલ બીજા સ્થાને રહ્યા હતા.

પ્રશ્નો :

(૧) ફોર્બ્સની ટોપ–૧૦૦ સાહસિક મુડીપતિઓની યાદીમાં કેટલા ભારતીય મૂળના વ્યક્તિને સ્થાન મળ્યું ?

- ૧૧

(૨) ફોર્બ્સની ટોપ–૧૦૦ સાહસિક મૂડી પતિઓમાં ૧૧ ભારતીયોમાં પ્રથમ કોણ છે ?

- નિરજ અગ્રવાલ

(૩) ભારતના સમુદ્રી સોમેશ્વર રાવ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

- પેરા એથ્લીટ (દોડ)

(૪) ભારતના અર્જુન સૈની કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- કાર રેસર
(૫) અર્જુન શૈનીને ફોર્મ્યુલા વનમાં કઈ ટીમે ડેવલપમેન્ટ રેસર તરીકે કરારબદ્ધ કર્યા ?
- હાએસ ટીમ
(૬) જર્મનીના હેનોવરમાં ભારતીય શૂટર ગગન નારંગે જીતેલ સિલ્વર મેડલ કોને અર્પણ કર્યો ?
- સ્વર્ગસ્વ મેન્ટર ભિષ્મરાજ બામ
(૭) હાલમાં દિલ્હી ખાતે યોજાયેલ એશિયન રેસલીંગ ચેમ્પિયનશીપમાં ભારતે કેટલા મેડલ જીત્યા ?
- ૧૦ (૧ ગોલ્ડ, ૫ સિલ્વર, ૪ બ્રોન્જ)
(૮) સ્પેનિસ ગ્રાં.પ્રિ. એફ-૧ રેસ વિજેતા ?
- લુઇસ હેમિલ્ટન

## 16.May. 2017

**(૧) ભારતીય મહિલા ક્રિકેટરો સૌથી મોટી ભાગીદારીનો રેકોર્ડ :**
- દક્ષિણ આફ્રિકા ખાતે યોજાઇ રહેલી ચાર દેશની વન-ડે ટૂર્નામેન્ટમાં ભારતીય ઓપનીંગ જોડી દિપ્તી શર્મા અને પૂનમરાઉતે ૩૨૦ રનની ભાગીદારી કરી.
- વિમેન્સ વન-ડે ક્રિકેટમાં કોઇપણ વિકેટ માટેની શ્રેષ્ઠ ભાગીદારીનો આ રેકોર્ડ છે.
- આ રેકોર્ડ આયર્લેન્ડ વિરૂદ્ધ નોંધાવ્યો હતો.
- દિપ્તી શર્મા ૧૮૮ રન તથા પુનમ રાઉતે ૧૦૯ રન ફટકાર્યા હતા.

**(૨) મેડ્રીડ ઓપન : ટેનિસ :**
- મેન્સ વિજેતા : રફેલ નડાલ
- રનર્સ અપ : ડોમનિક થિયામ, ઓસ્ટ્રેલિયા
- નડાલે પાંચમી વખત મેટ્રીક ઓપનનું ટાઇટલ જીત્યું.

  વિમેન્સ વિજેતા : સિમોના હાલેપ, રોમાનિયા
- રનર્સ અપ : ક્રિસ્ટ્રિયા મ્લાદેનોવીચ, ફ્રાંસ
- હાલેપ સતત બીજા વર્ષે આ ટાઇટલ મેળવ્યું છે.

**(૩) ગ્લોબલ ફાયર પાવર રેન્કિંગ :**
- દુનિયાના સશસ્ત્ર દળોના ગ્લોબલ રેન્કિંગમાં અમેરિકાનું સૈન્ય પ્રથમ સ્થાને છે.
- આ યાદીમાં બીજા અને ત્રીજા ક્રમે રશિયા અને ચીન આવે છે.
- જ્યારે ભારતને આ યાદીમાં ચોથું સ્થાન મળ્યું છે.
- વિશ્વના સૈન્યો અંગે વિશ્લેષણ કરતી વેબસાઇટ ગ્લોબલ ફાયર પાવર દ્વારા આ રેન્કિંગ જાહેર થાય છે.
- ૫૦ પરિબળોના આધારે રેન્કિંગ જાહેર થાય છે. જેમા સંરક્ષણ બજેટ, માનવશક્તિ અને દેશપાસે ઉપલબ્ધ સૈન્ય ઉપકરણો, હથિયારોની શ્રેણી વગેરે....

**(૪) નમામી દેવી નર્મદા :**
- ૧૧ ડિસેમ્બર- ૨૦૧૬ના રોજ અમરકંટક થી શરૂ થયેલી નર્મદા સેવાયાત્રા પરત પહોંચી.
- ૧૪૮ દિવસમાં ૩૩૦૦ કિ.મી.નું અંતર કાપ્યું.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી અનુપપુર પહોંચી નર્મદાયાત્રાના સમાપન સમારોહમાં હાજર રહી માં નર્મદાની પૂજા કરી હતી.

પ્રશ્ન :
(૧) નર્મદા સેવાયાત્રાના સમાપન સમારોહમાં વડાપ્રધાન કયાં સ્થળે હાજર રહ્યા હતા. ?
- અનુપપુર
(૨) ગ્લોબલ ફાયર પાવર રેન્કિંગમાં કયા દેશનું સૈન્ય પ્રથમ ક્રમે છે ?
- અમેરીકા
(૩) ગ્લોબલ ફાયર પાવર રેન્કિંગમાં ભારતનો ક્રમ જણાવો ?
- ચોથો
(૪) મેડ્રીડ ઓપન મેન્સ વિજેતા ?
- રફેલ નડાલ
(૫) મેડ્રીડ ઓપન વિમેન્સ વિજેતા ?
- સીમોના હાલેપ
૬) મહિલા વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ રનની ભાગીદારીનો રેકોર્ડ કઈ બે ભારતીય મહિલા ખેલાડીઓએ બનાવ્યો ?
- દિપ્તી શર્મા - પૂનમ રાઉત
૭ દિપ્તી શર્મા અને પૂનમ રાઉતે કયાં દેશ વિરૂદ્ધ સૌથી વધુ ભાગીદારી નોંધાવી ?
- આયર્લેન્ડ

## 17.May. 2017

**(૧) રમેશ પારેખની પૂણ્યતિથિ :**
- ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર રમેશ પારેખની આજે ૧૧ મી પૂણ્યતિથિ છે.
- જન્મ - ૨૭-૧૧-૧૯૪૦, અમરેલી
- અવસાન : ૧૭-૫-૨૦૦૬
- તેઓ ઉત્તમ ચિત્રકાર, વાર્તાકાર, ગઝલકાર અને કવિ હતા.
- તેમના નામે પ્રસિદ્ધ થયેલ પ્રથમ ગઝલ

  'આંખો મીંચી દઉ તો સ્વપ્ન બહાર રહી જશે
  પાંપણની માથે વેદનાનો ભાર રહી જશે
- સમગ્ર સાહિત્ય સર્જન માટે મળેલા એવોર્ડ

  કુમાર ચંદ્રક ૧૯૭૨ ના કાવ્યો માટે
  નર્મદ સુવર્ણચંદ્રક ૧૯૭૯-૮૨ના વર્ષ માટે
  ધનજી કાનજી સુવર્ણચંદ્રક - ૧૯૮૩
  ગીજુભાઈ બેધકા સુવર્ણચંદ્રક- ૧૯૮૮
  રણજીતરામ સુવર્ણચંદ્રક - ૧૯૮૬
  ગુજરાત રાજ્ય ફિલ્મ એવોર્ડ - નસીબની બલીહારી ફિલ્મના શ્રેષ્ઠ ગીતકાર માટે ૧૯૮૨-૮૩

**(૨) મહમૂદ અબ્બાસ - પેલેસ્ટાઇન રાષ્ટ્રપતિ :**
- પેલેસ્ટાઇનના રાષ્ટ્રપતિ મહમંદ અબ્બાસ ભારતના ચાર દિવસના પ્રવાસે આવ્યા.
- અબ્બાસે 'રાજઘાટ' જઈ મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલી આપી હતી.
- અબ્બાસ ૨૦૧૨ બાદ પહેલી વખત ભારત આવ્યા છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આવતા મહિને ઇઝરાયલ જવાના છે. અને પેલેસ્ટાઇનનો પ્રવાસ તેમના એજન્ડામાં નથી તો પણ તેઓ પેલેસ્ટાઇન પ્રવાસે જશે.

**(૩) આસિયાનમાં તુર્કી અને મોંગોલિયાનો સમાવેશ થશે :**
- આસિયાનની સ્થાપના ૧૯૬૭માં થઇ હતી.
- સભ્યદેશોના આર્થિક વિકાસ અને સમૃદ્ધીમાં વૃદ્ધિ માટે તેમજ આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવવા સંગઠન રચાયું હતું.
- તેનું હેડક્વાટર ઇન્ડોનેશીયાની રાજધાની જકાર્તામાં છે.
- તેના સંસ્થાપક સભ્ય થાઇલેન્ડ, ઇન્ડોનેશીયા, મલેશીયા ફિલિપાઇન્સ અને સિંગાપોર હતાં.
- હાલમાં આસિયાનમાં ૧૦ સભ્ય દેશો છે.
- બ્રુનેઇ, કમ્બોડીયા, ઇન્ડોનેશીયા, મલેશીયા, મ્યાનમાર, લાઓસ, ફિલિપાઇન્સ, સિંગાપોર, થાઇલેન્ડ, વિયેતનામ,

Vivekanand Academy Gandhinagar

- આ ઉપરાંત આસિયાન પ્લસ ૬ માં આ દેશો સામેલ છે. ભારત, ચીન, જાપાન, દક્ષિણ કોરીયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ
- આ વર્ષે આસિયાનના અધ્યક્ષ ફિલિપાઇન્સ ના રાષ્ટ્રપતિ દુતેર્તે છે.
- તેઓએ આ સંગઠનમાં તુર્કી અને મોંગોલીયાને સમાવવાની જાહેરાત કરી.
- તુર્કી અને મોંગોલીયા આ ભૌગોલિક ક્ષેત્રમાં નથી આવતા
- તુર્કી એશિયાથી યુરોપ સુધી ફેલાયેલો દેશ છે જ્યારે મોંગોલિયા ચીન અને રશિયા વચ્ચે જમીનથી ઘેરાયેલો દેશ છે.
- તુર્કી રાષ્ટ્રપતિ : તૈયપ એર્દોગન
- મોંગોલીયા વડાપ્રધાન : જરગરતુલ્ગા અર્દેનબાત

**(૪) મોહમ્મદ અનાસ : દૌડ**

- મોહમ્મદ અનાસે ઇન્ડિયન ગ્રાં.પ્રિ. એથ્લેટીક્સ મીટમાં ૪૦૦ મીટરની દોડમાં નેશનલ રેકોર્ડ તોડી ગોલ્ડમેડલ જીત્યો.
- અનાસે ૪૩.૩૨ના નવા રેકોર્ડ સાથે લંડનમાં યોજાનારી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ માટે ક્વોલિફાય કર્યું.

પ્રશ્ન :

૧ ૧૭ મે ના રોજ રમેશ પારેખની કેટલામી પૂણ્યતિથિ હતી ?
- ૧૧ મી

૨ તાજેતરમાં કયાં દેશના રાષ્ટ્રપતિ ભારત પ્રવાસે આવ્યા ?
- પેલેસ્ટાઇન

૩ પેલેસ્ટાઇન રાષ્ટ્રપતિનું નામ જણાવો.
- મહમૂદ અબ્બાસ

૪ અસિયાનના આ વર્ષના અધ્યક્ષ કોણ છે ?
- ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ દુતેર્તે

૫ દુતેર્તે કયાં બે રાષ્ટ્રોને આસિયાનમાં સમાવવાની જાહેરાત કરી ?
- તુર્કી, મોંગોલિયા

૬ હાલમાં આસિયાનનું હેડક્વાટર કયાં આવેલું છે ?
- જકાર્તા, ઇન્ડોનેશિયા

૭ આસિયાનની સ્થાપના ક્યારે થઈ હતી ?
- ૧૯૬૭

૮ મોહમ્મદ અનાસ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?
- દોડ

## 18.May. 2017

**(૧) વર્લ્ડ મ્યુઝિયમ ડે :**

**(૨) વર્લ્ડ ટોપ ૨૫ ગેમ ચેંજર : ફોર્બ્સ :**

- પ્રખ્યાત મેગેઝીન ફોર્બ્સે વિશ્વના ૨૫ ગેમ ચેંજરની યાદી જાહેર કરી.
- જેમા ભારતના રિલાયન્સના મુકેશ અંબાણીને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.
- વિશ્વમાં કરોડો લોકોની જીદંગીમાં બદલાવ લાવવામાં મહત્વની ભૂમિકા અદા કરનારની આ યાદીમાં મુકેશ અંબાણી ટોચ પર છે.
- ફોર્બ્સ મુજબ મુકેશ અંબાણીએ ઓઇલ- ગેસ ઉપરાંત ટેલિકોમ ક્ષેત્રે આવેલ ક્રાંતિમાં મોટું યોગદાન આપ્યું છે.

**(૩) પ્રથમ પરમાણુ પરિક્ષણ :**

- ૧૮ મે, ૧૯૭૪ના દિવસે રાજસ્થાનના પોખરણમાં ભારતે પોતાનું પહેલું પરમાણુ બોમ્બ પરિક્ષણ કર્યું હતું.
- આ પરિક્ષણને 'સ્માઇલીંગ બુદ્ધ' નામ આપવામાં આવ્યું હતું.
- આ ઓપરેશન ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરના નિર્દેશક ડૉક્ટર રામન્નાના નેજા હેઠળ થયું હતું. અને તેમની ટીમમાં ડૉ. અબ્દુલ કલામ પણ હતા.

**(૪) યુ.એન.એ ભારતના જીડીપીનો અંદાજ ઘટાડ્યો :**

- યુનાઇટેડ નેશન્સ (યુ.એન.) એ વર્ષ ૨૦૧૭-૧૮ માટે ભારતનો જીડીપી ઘટાડી ૭.૩ ટકા અંદાજ કર્યો. તથા ૨૦૧૮-૧૯ માં ૭.૯ ટકા રહેવાનો અંદાજ કર્યો છે.
- નોટબંધીના કારણે તથા બેંકોની ખરાબ કામગીરીને કારણે યુ.એન.એ. આ અંદાજ ઘટાડ્યો છે.
- અગાઉ જાન્યુઆરીમાં ૨૦૧૭-૧૮માટે ૭.૬ ટકા અને ૨૦૧૮-૧૯ માટે ૭.૯ ટકા અંદાજ કર્યો હતો.

**(૫) સ્વચ્છ રેલ : સ્વચ્છ ભારત :**

- ભારતીય રેલવે દ્વારા દેશના સૌથી સ્વચ્છ અને ગંદા રેલવે સ્ટેશનોનો સર્વે કરવામાં આવ્યો.
- ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા એ૧ કેટેગરીમાં ૭૫ સ્ટેશનો સામેલ કરાયા.
- જેમા ટોપ પર સૌથી સ્વચ્છ રેલવે સ્ટેશન વિશાખાપટ્ટનમ્ છે જ્યારે સૌથી ગંદા સ્ટેશનમાં પ્રથમ દરભંગા રેલ્વે-સ્ટેશન છે.
- એ૧ કેટેગરીમાં ગુજરાત :

| સ્ટેશન | દેશમાંક્રમાંક |
|---|---|
| અમદાવાદ | ૭ |
| વડોદરા | ૨૫ |
| સુરત | ૨૬ |
| રાજકોટ | ૪૨ |

- અમદાવાદ સ્ટેશન દેશમાં સાતમું અને પશ્ચિમ રેલવેમાં પ્રથમ સ્થાને છે.
- જ્યારે સુરત અને રાજકોટ ગયા વર્ષે પ્રથમ અને દ્વિતિય હતા જે આ વર્ષે ૨૬ અને ૪૨માં સ્થાને પહોંચી ગયા છે.

પ્રશ્ન :

૧ ૧૮ મેના રોજ કયો આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- વર્લ્ડ મ્યુઝિયમ ડે

(૨) વર્લ્ડ ટોપ-૨૫ ગેમ ચેંજરની ફોર્બ્સની યાદીમાં પ્રથમ સ્થાન કોને આપવામાં આવ્યું છે ?
- મુકેશ અંબાણી

૩ પ્રથમ પરમાણુ પરિક્ષણ ક્યારે કરવામાં આવ્યું હતું ?
- ૧૮ મે, ૧૯૭૪

૪ પ્રથમ પરમાણુ પરિક્ષણનું નામ જણાવો.
- સ્માઇલીંગ બુદ્ધા

૫ સ્માઇલીંગ બુદ્ધા ઓપરેશનના અધ્યક્ષ કોણ હતા ?
- ડૉ. રામન્ના

-૬ યુ.એન.એ ૨૦૧૭-૧૮ માટે ભારતનો જીડીપી લક્ષ્યાંક કેટલા ટકા આપ્યો ?
- ૭.૩ ટકા

૭ સ્વચ્છ રેલ- સ્વચ્છ ભારત સર્વેમાં દેશનું સૌથી સ્વચ્છ રેલવે સ્ટેશન ?
- વિશાખા પટ્ટનમ્

૮ દેશનું સૌથી ગંદુ રેલવે સ્ટેશન ?
- દરભંગા

૯ પશ્ચિમ રેલવેનું સૌથી સ્વચ્છ રેલવે સ્ટેશન ?
- અમદાવાદ

૧૦ દેશમાં એ-૧ કેટેગરીમાં ૭૫ શહેરોમાં અમદાવાદને કયો ક્રમ મળ્યો ?
- ૭ મો

Vivekanand Academy Gandhinagar

## 19.May. 2017

**(૧) મનપ્રીતસિંઘ હોકી :**

- ઇંગ્લેન્ડમાં યોજાનારી વર્લ્ડ હોકી લીગની સેમિફાઇનલ્સ ટૂર્નામેન્ટમાં ભારતની કપ્તાની મનપ્રીતસિંહને સોંપવામાં આવી.
- અઝલાન શાહ હોકી કપમાં ભારતના કપ્તાન શ્રીજેશને ઇજા થતાં તેઓ હાલમાં ટીમનો ભાગ નથી.
- આ ઉપરાંત જર્મનીમાં ત્રણ દેશોની ટૂર્નામેન્ટમાં પણ મનપ્રીતસિંહ આગેવાની લેશે.
- ભારતીય હોકી ટીમના વાઇસ કપ્તાન તરીકે ચિંગલેન્સાના સિંઘને જવાબદારી સોંપવામાં આવી છે.

**(૨) રીમા લાગુ :**

- ટેલિવિઝન અને ફિલ્મોમાં લોકપ્રીય પીઢ અભિનેત્રી રીમા લાગુનું ૫૯ વર્ષે હાર્ટ અટેકથી અવસાન.
- તેમણે ૮૦ કરતાં વધુ ફિલ્મોમાં કામ કર્યુ હતું તથા ૧૪ થી વધારે સિરિયલમાં કામ કર્યું હતું.
- જન્મ ૩ ફેબ્રુઆરી, ૧૯૫૮, પૂણે
- ૧૯૭૯માં પ્રથમવાર મરાઠી ફિલ્મ સિંહાસન માં ભૂમિકા નિભાવી.
- ૧૯૮૦માં હિન્દી ફિલ્મ કલયુગથી બોલીવુડમાં પ્રવેશ કર્યો.
- બાળણનું નામ : નયન ભડભડે
- નિરૂપા રોય બાદ : નિરિમા લાગુએ બોલીવુડના આધુનિક મા નું બિરૂદ મેળવ્યું હતું.

**(૩) અનિલ માધવ : કેન્દ્રિય પર્યાવરણ મંત્રી :**

- કેન્દ્રિય પર્યાવરણ રાજ્યપ્રધાન અનિલ માધવ દવેનું હ્રદયરોગના હુમલાથી અવસાન.
- જન્મ : ૬ જુલાઇ, ૧૯૫૬ ઉજ્જૈનના વડનગર ખાતે
- તેઓ ૨૦૦૯ થી મધ્ય પ્રદેશથી રાજ્યસભાના સભ્ય હતા.
- ૫ જુલાઇથી તેઓ પર્યાવરણ, વન અને ક્લાયમેન્ટ ચેન્જ વિભાગના સ્વતંત્ર પ્રધાન હતા.
- તેઓએ નર્મદા નદીના સંરક્ષણ માટે ઘણું કાર્ય કર્યુ હતું.
- મધ્યપ્રદેશમાં બે દિવસના રાજકીય શોકની જાહેરાત કરવામાં આવી

**(૪) અમેરિકાથી બે હોવિત્ઝર તોપ ભારત આવી :**

- અમેરિકાથી બે અલ્ટ્રાલાઇટ હોવિત્ઝર એમ–૭૭૭ તોપ ભારત પહોંચી
- ૧૯૮૦માં થયેલા બોફોર્સ કૌભાંડ બાદ આ પહેલો પ્રસંગ છે. જ્યારે ભારતીય સેનાને તોપ મળી રહી છે.
- ૩૦ વર્ષ પહેલા ભારતીય સેનાને સ્વિડનથી બોફોર્સ તોપ મળી હતી.
- એમ–૭૭૭ તોપ બીએઇ સિસ્ટમે તૈયાર કરી છે.
- આ તોપથી ૨૪ થી ૪૦ કિ.મી. સુધી હુમલો કરી શકાય છે.
- ૪.૨ ટન વજન ધરાવતી આ તોપ સતત બે મિનિટ સુધી
- દર મિનિટે ૫ રાઉન્ડ ફાયર કરી શકે છે.
- ૧૫૫ એમએમ કેલિબરની આ તોપને ચીન સરહદે ખડકવામાં આવશે.
- તેમને ભારતીય સેનાની નવી માઉન્ટન સ્ટ્રાઇક કોર માટે ખરીદવામાં આવી છે જે પશ્ચિમ બંગાળના પાનાગઢમાં તૈયાર થઇ રહી છે.
- તોપને હેલિકોપ્ટર વડે એક સ્થાનથી બીજા સ્થાન લઇ જઇ શકાય છે.
- ગત નવેમ્બર ૨૦૧૬માં ભારતે અમેરિકા પાસેથી ૫૦૦૦ કરોડ રૂપિયામાં ૧૪૫ તોપ ખરીદવાનો કરાર કર્યો હતો.
- તેમાની ૨૫ તોપ તૈયાર થઇને વર્ષ સુધીમાં ભારત પહોંચી જશે.
- જ્યારે બાકીની ૧૨૦ તોપના પાર્ટર્સ ભારત આવશે. જેનાથી બીએઇ સિસ્ટમ અને મહિન્દ્રા ડિફેન્સ ભારતમાં તોપ તૈયાર કરશે.

**(૫) ઇન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર : ૨૦૧૪**

- ભારતની અંતરિક્ષ એજન્સી ઇસરોને પ્રતિષ્ઠિત ઇન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર એનાયત થયો.
- આ પુરસ્કાર વર્ષ ૨૦૧૪ માટેનો છે.
- ઇસરોના ચેરમેન કિરણકુમારે ઇસરો વતિ આ પુસ્તકનો સ્વિકાર કર્યો હતો.
- ઇંદિરા ગાંધી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવતા આ પારિતોષિકમાં સર્ટિફિકેટ, ટ્રોફી અને રૂપિયા ૧ કરોડની રાશી આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૪ માટે ઇનામ કોને આપવું એ નક્કી કરનારી સમિતિના અધ્યક્ષ ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારી હતા.
- વર્ષ ૧૯૮૬થી આ પારિતોષિક અપાતું આવે છે.
- ઇંદિરા ગાંધી મેમોરીયલ ટ્રસ્ટના ચેરપર્સન : સોનિયા ગાંધી

પ્રશ્ન :

૧) ઇંગ્લેન્ડમાં યોજનાર વર્લ્ડ લીગ સેમીફાયનલ્સ હોકી માટે ભારતનું પ્રતિનિધિત્વ કોણ કરશે ?
- મનપ્રીત સિંઘ

૨) ભારતીય હોકી ટીમના વાઇસ કેપ્ટન ?
- ચિંગલેન્સાના સિંઘ

૩) રિમા લાગુની પ્રથમ બોલીવુડ ફિલ્મ ?
- કલયુગ

૪) બોલીવુડની આધુનિક માં નું બિરૂદ કોને મળ્યું છે ?
- રિમા લાગુ

૫) રિમાલાગુનું બાળપણનું નામ ?
- નયન ભડભડે

૬) મે ૨૦૧૭ માં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી અનિલ જાદવનું અવસાન થયું તેઓ કયાં રાજ્યની સીટથી રાજ્યસભાના સાંસદ હતા ?
- મધ્યપ્રદેશ

(૭) હાલમાં કયા દેશ પાસેથી બે હોવીત્ઝર તોપ મળી
- અમેરિકા (એમ ૭૭૭ તોપ)

૮) એમ.૭૭૭ તોપ બનાવનાર બેએઇ સિસ્ટમ ભારતમાં કોની સાથે ૧૨૦ તોપ બનાવશે ?
- મહિન્દ્રા ડિફેન્સ

(૯) ભારતે ૧૪૫ તોપ માટે અમેરિકા સાથે કેટલા રૂપિયાનો કરાર કર્યો છે ?
- રૂા. ૫૦૦૦ કરોડ

૧૦) ઇંદિરા ગાંધી શાંતિ પુરસ્કાર ૨૦૧૪ કોને આપવામાં આવ્યો ?
- ઇસરો

૧૧) ઇંદિરા ગાંધી શાંતિ પુરસ્કાર– ૨૦૧૪ કોને આપવું તે નક્કી કરવા સમિતિના અધ્યક્ષ ?
- હામિદ અન્સારી

૧૨ ઇંદિરા ગાંધી પુરસ્કારમાં કેટલી રાશી ઇનામ મળે છે ?
- રૂા. ૧ કરોડ

## 20.May. 2017

**(૧) તેજસ એક્સપ્રેસ ટ્રેન :**

- દેશની પ્રથમ હાઇટેક ટ્રેન તેજસ મુંબઇથી ગોવા વચ્ચે દોડશે
- હવાઇ મુસાફરીને પણ ટક્કર આપે તેવી આ ટ્રેન ૨૨ મેના રોજ પ્રથમ યાત્રાનો શુભારંભ કરશે.
- સપ્તાહમાં પાંચ દિવસ ચાલશે.
- ૨૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડતી આ ટ્રેન દેશની પહેલી એ.સી. એક્સપ્રેસ ટ્રેન છે.
- આ ટ્રેનના દરેક કોચ અદ્યતન છે જેમાં મનોરંજન સ્થાનિક ભોજન, વાઇફાઇ એલઇડી સ્ક્રીન વગેરે સુવિધાઓ છે.
- રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ દિલ્હીના સફદરજંગ સ્ટેશને આ ટ્રેનનું જાત નિરિક્ષણ કર્યું હતું.

Vivekanand Academy Gandhinagar

**(૨) ઓસ્ટ્રેલિયન રેસલીંગ ચેમ્પિયનશીપ :**

– ભારતીય મૂળની રૂપિદર કૌર સંધુએ સિડની ખાતે યોજાયેલ ઓસ્ટ્રેલિયન રેસલીંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીત્યો.

– રૂપિન્દરે આ મેડલ ૪૮ કિ.ગ્રા વેઇટ કેટેગરીમાં જીત્યો.

– રૂપિન્દર આ પહેલા ૨૦૧૪મા ગ્લાસ્ગો કોમનવેલ્થમાં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કરી ચૂકી છે.

– તે ૧૦ વર્ષ પહેલા પંજાબના તરનતારન થી ઓસ્ટ્રેલિયા શીફ્ટ થઇ હતી.

**(૩) ક્રિકેટ બેટ માટે નવો નીયમ :**

– આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં છેલ્લા ૩૦ વર્ષમાં સિક્સરનું પ્રમાણ વધી ગયું છે. જેની પાછળનું સૌથી મહત્વનું કારણ હાઇપાવર બેટ છે.

– ક્રિકેટના નિયમોની સંરક્ષક લંડનની મેરિલિબોન ક્રિકેટ ક્લબ (એમસીસી) એ હાઇપાવર ક્રિકેટ બેટ પર નિયંત્રણ મુકી નવા નિયમની જાહેરાત કરી.

– ભારતીય મૂળના બ્રિટિશ ડોક્ટર ચિન્મય ગુપ્તેના સંશોધનને લીધે આ નિર્ણય લેવાયો છે.

– તેઓ લંડનની ઇમ્પિયલ કોલેજના લેક્ચરર છે.

– ક્રિકેટ બેટનો નીયમ :

– હવે ક્રિકેટ બેટના એજીસની જાડાઇ ૪૦ એમ.એમ. થી ઓછી રાખવી પડશે.

– આ ઉપરાંત બેટની ઓવરઓલ ડેપ્થ ૬૭ એમ.એમ. થી વધુ રાખી શકાશે નહી

– એમ.એમ.સી.નો આ બેટ અંગેનો નવો નિયમ ૧ ઓક્ટોબર, ૨૦૧૭ થી અમલમાં આવશે.

પ્રશ્ન :

૧ ક્રિકેટના નિયમો બનાવતી એમ.એમસીનું પુરૂનામ છે ?

– મેરિલિબોન ક્રિકેટ ક્લબ

૨ ક્રિકેટ બેટના નવા નિયમ પ્રમાણે બેટની એજીસની જાડાઇ કેટલી રાખવી પડશે ?

– ૪૦ એમ.એમ થી ઓછી

૩) ક્રિકેટ બેટના નવો નિયમ ક્યારથી અમલી બનશે ?

– ૧ ઓક્ટોબર ૨૦૧૭

૪) ક્રિકેટ બેટના નવા નિયમ પાછળ સંશોધન કર્તા કોણ છે ?

– ડૉ. ચિન્મય ગુપ્તે

૫) ઓસ્ટ્રેલિયન રેસલીંગ ચેમ્પિયનશીપ વિજેતા ભારતીય મૂળની મહિલાનું નામ જણાવો.

– રૂપિન્દર કૌર સંધુ

(૬) દેશની પ્રથમ હાઇટેક ટ્રેનનું નામ જણાો.

– તેજસ એક્સપ્રેસ

૭) તેજસ એક્સપ્રેસ કયાં બે સ્ટેશન વચ્ચે દોડશે ?

– મુંબઇ – ગોવા

૮) તેજસ એક્સપ્રેસની ઝડપ જણાવો.

– ૨૦૦ કિ.મી./ કલાક

## 21.May. 2017

**(૧) હસન રૌહાની : ઇરાનના રાષ્ટ્રપતિ :**

– ઇરાનમાં યોજાયેલી રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં સતત બીજીવાર હસન રૌહાની ચૂંટાઇ આવ્યા.

– રૌહાનીએ તેમના હરીફ ઇબ્રાહીમ રેઇસીને હરાવ્યા હતા.

– રૌહાની ૨૦૧૩માં પહેલી વખત રાષ્ટ્રપતિ ચૂંટાયા હતા. ૪ વર્ષના કાર્યકાળ બાદ ૫૭ ટકા મત મેળવી ફરીથી ચૂંટાઇ આવ્યા.

– તેઓ ઉદાર મતીવાદી અને સુધારક છે.

**(૨) તીરંદાજી વર્લ્ડ કપ :**

– તીરંદાજીના વર્લ્ડકપમાં ભારતીય મેન્સ ટીમે શાનદાર દેખાવ કરતા ગોલ્ડમેડલ જીત્યો.

– ચીનના શાંઘાઇ શહેરમાં યોજાયેલી ઇવેન્ટમાં ભારતે કોલંબીયાને પાંચ પોઇન્ટથી હરાવી ગોલ્ડમેડલ જીત્યો.

– ભારતીય મેન્સ ટીમ : અભિષેક વર્મા, ચિન્ના રાજુ શ્રીધર , અમનજીત સિંઘ

– મિક્સ ડબલ્સમાં બ્રોન્ઝમેડલ માટે ભારતનાં અભિષેક વર્મા અને જ્યોતિ સુરેખાનો અમેરિકાની જેમી વાન નાટા અને રિયો વિલ્ડેની જોડી સામે પરાજય થયો હતો.

**(૩) ઝારખંડના યુવાનને મળ્યો ઇન્ટેલ સાયન્સ એવોર્ડ :**

– ઝારખંડના જમશેદપુરના પ્રશાંત રંગનાથને અમેરિકામાં યોજાયેલી દુનિયાની સૌથી મોટી પ્રી.–કોલેજ સાયન્સ સ્પર્ધા જીતી લીધી.

– ધોરણ– ૧૨માં અભ્યાસ કરતો પ્રશાંતને આ એવોર્ડ એનવાયરમેન્ટલ ઇજનેરી કેટેગરીમાં જૈવીક ખેતીના પ્રોજક્ટ માટે મળ્યો છે.

– ૧૭૦૦ વિદ્યાર્થીની આ સ્પર્ધામાં પ્રશાંત વિજયી બન્યો હતો.

**(૪) અમેરિકી પ્રમુખનો પ્રથમ વિદેશ પ્રવાસ :**

– અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા બાદ તેના પ્રથમ વિદેશ પ્રવાસે સાઉદી અરેબિયા પહોંચ્યા.

– સાઉદીના કિંગ સલમાને એક સમારંભમાં અમેરિકી પ્રમુખને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન કોલર ઓફ અબદુલાઝિઝ અલ સાઉદ' મેડલથી નવાજ્યા હતા.

– બંને દેશો વચ્ચે ૧૧૦ અબજ ડોલરના લશ્કરી સોદા પર હસ્તાક્ષર થયા.

પ્રશ્ન :

૧ ઇરાનના રાષ્ટ્રપતિ પદ પર બીજી વખત કોણ ચૂંટાયા ?

– હસન રૌહાની

૨ હસન રૌહાનીએ રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે કોને હરાવ્યા હતા ?

– ઇબ્રાહીમ રેઇસી

૩ મે.૨૦૧૭માં તિરંદાજી વર્લ્ડકપ કયાં યોજાયો હતો?

– શાંઘાઇ , ચીન

૪ તિરંદાજી વર્લ્ડકપમાં ભારતને કઇ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ મળ્યો ?

– મેન્સ ટીમ

૫ ફાઇનલમાં કોને હરાવી ભારતે તિરંદાવીમાં ગોલ્ડમેડલ જીત્યો ?

– કોલંબીયા

૬ અભિષેક વર્મા કયાં ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?

– તિરંદાજી

૭ ઝારખંડના કયાં યુવાનને અમેરિકાનો પ્રતિષ્ઠિત સાયન્સ એવોર્ડ મળ્યો ?

– પ્રશાંત રંગનાથન

## 22.May. 2017

**(૧) અંશુ જમસેંપા : પર્વતારોહક :**

– અરૂણાચલ પ્રદેશના બોમડિલા શહેરની અંશુ જમસેંપાએ ૫ દિવસમાં બીજી વખત એવરેસ્ટ સર કર્યુ.

– આ રેકોર્ડ અગાઉ તેના નામે જ હતો. ૨૦૧૧ ના વર્ષમાં ૧૦ દિવસમાં બે વખત એવરેસ્ટ સર કર્યો હતો.

– આ ઉપરાંત ૬ વર્ષમાં ૫ વખત એવરેસ્ટ સર કરનારી ભારતીય મહિલાનો રેકોર્ડ પણ તેમના નામે છે.



Vivekanand Academy Gandhinagar

- બે બાળકોની માતા અંશુએ સૌપ્રથમ વખત ૨૦૧૧માં ૧૨ અને ૨૧ મે એટલે ૧૦ દિવસમાં બે વખત એવરેસ્ટ સર કર્યા.
- ત્યારબાદ ૧૮ મે ૨૦૧૩ ના રોજ ત્રીજી વખત પણ સફળ રહ્યા.
- અને ૨૦૧૭માં ૧૬ અને ૨૧ મે માત્ર ૫ દિવસના ગાળામાં બે વખત એવરેસ્ટ સર કરવામાં સફળ રહ્યા.

**(૨) ઇટાલીયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ :**

- મેન્સ સિંગલ્સ વિજેતા : એલેક્ઝાન્ડર ઝેવેરેવે :
- રનર્સ અપ, : નોવાક જોકોવીચ
- ઝેવેરેવે કારકીર્દીમાં પ્રથમ વખત એટીપી માસ્ટર્સ ૧૦૦૦નું ટાઇટલ જીત્યું.
- વિમેન્સ સિંગલ્સ વિજેતા : ઇલેના સ્વિટોલીના, યુક્રેન
  રનર્સ અપ : સિમોના હાલેપ, રોમાનિયા

**(૩) આઇપીએલ-૧૦**

- ઇન્ડિયન પ્રિમિયર લીગ
- હૈદરાબાદ ખાતે ૨૧ મે ના રોજ આઇપીએલ – ૧૦ ની ફાઇનલ મેચ યોજાઇ હતી.
- આ મેચમાં રાઇઝીંગ પૂણે સુપરજાયન્ટસને ૧ રનથી હરાવી મુંબઈ ઇન્ડિયન્સ ચેમ્પિયન બન્યું હતું.
- મુંબઇ ઇન્ડિયન આ પહેલા ૨૦૧૩ અને ૨૦૧૫માં વિજેતા રહી ચૂક્યું છે.
- મુંબઇ ઇન્ડિયન્સ કેપ્ટન : રોહીત શર્મા
- રાઇઝીંગ પૂણે સુપરજાન્ટસ કેપ્ટન : સ્ટિવન સ્મિથ
- ફાઇનલ મેચમાં કુનાલ પંડ્યા : મેન ઓફ ધ મેચ બન્યો હતો.
- વિજેતા ટીમને ૧૫ કરોડ રૂ. તથા રનર્સ અપ ટીમને ૧૦ કરોડ રૂ. આપવામાં આવ્યા.

**આઇપીએલના અંતે**

**` વિવિધ એવોર્ડઝ :**

- બેન સ્ટોક્સ : મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ યર સીઝન
- ભુવનેશ્વર કુમાર : પર્પલ કેપ (૨૬ વિકેટ)
- ડેવિડ વોર્નર : ઓરેન્જ કેપ (૬૪૧ રન)
- ગ્લેન મેક્સવેલ : હિટીંગ ધ મોસ્ટ નંબર ઓફ સિક્સ
- બસીલ થમ્પી : ઇમરજીંગ પ્લેયર ઓફ ધ સીઝન
- સુનીલ નારાયણ : ફાસ્ટેસ્ટ ફીફ્ટી (૧૫ બોલ-RCB વિરૂદ્ધ)
- ગુજરાત લાયન્સ : ફેરપ્લે એવોર્ડ

**(૪) નાસાએ નવા બેક્ટેરિયાને ડૉ. કલામનું નામ આપ્યું :**

- નાસાએ શોધી કાઢેલા એક નવા બેક્ટેરીયાને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને અવકાશવિજ્ઞાની ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામનું નામ આપ્યું.
- અત્યાર સુધી આ બેક્ટેરિયાની એક જાતિ કેવળ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (આઇએસએસ) માં જ મળતી હતી.
- આ બેક્ટેરિયાને 'સોલિબેક્લિસ કલામી' નામ આપ્યું.

**(૫) એરલીફટ અસલી હિરો મેથ્યુનું અવસાન :**

- કુવૈતસ્થિત ભારતીય મૂળના ઉદ્યોગપતિ માથુની મેથ્યુનું ૮૧ વર્ષની વયે અવસાન.
- ઇરાકનો સરમુખત્યાર સદ્દામ હુસૈને ૧૯૯૦માં કુવૈત પર હુલો કરી દીધો હતો.
- આ હુમલા દરમિયાન હજારો ભારતીયો કુવૈતમાં ફસાઇ ગયા હતા.
- લગભગ ૧.૭ લાખ ભારતીયોને મેથ્યુએ ભારત લાવવામાં મદદ કરી હતી.
- કેરળના પથ્નનામથિટ્ટા જિલ્લાના કુંબાનંદના વતની હતા.
- તેઓ ફક્ત ૨૦ વર્ષની ઉમંરે કેરળથી કુવૈત નોકરીની શોધમાં ગયા હતા.
- ત્યા તેમણે ટોયોટો કંપનીમાં ટાઇપીસ્ટની નોકરી મળી હતી.
- પરંતુ ૧૯૮૯માં રીટાયર થયા ત્યારે તેઓ ટોયોટોના મેનજીંગ ડીરેક્ટર હતા.
- ૧.૭ લાખ ફસાયેલા ભારતીયોને બચાવવાની એ ઘટના પરથી ફિલ્મ સર્જક નિખિલ અડવાણીએ 'એરલિફ્ટ' ફિલ્મ બનાવી હતી.
- આ ફિલ્મમાં મેથ્યુની ભૂમિકા અક્ષય કુમારે નિભાવી હતી જેમા તેમને રણજીત કાતિયાલ નામ અપાયું હતું.

પ્રશ્નો :

૧ અંશુ જમસૈંપાનું કાર્યક્ષેતર જણાવો.
- પર્વતારોહક

૨ હાલમાં અંશુએ કેટલા દિવસના સમયમાં બે વખત એવરેસ્ટ સર કર્યા ?
- ૫ દિવસ

૩ અંશુ જમસેંપા કયા રાજ્યની વતની છે ?
- અરૂણાચલ પ્રદેશ

૪ ઇટાલીયન ઓપન મેન્સ સિંગલ્સ વિજેતા ? (ટેનિસ)
- એલેક્ઝાન્ડર ઝેવેરેવ

૫ ઇટાલિયન ઓપન મેન્સ સિંગલ્સ રનર્સ અપ ?
- નોવોક જોકોવીચ

૬ ઇટાલિયન ઓપન વિમેન્સ સિંગલ્સ વિજેતા ?
- ઇલેના સ્વિટોલીના

૭ ઇટાલિયન ઓપન રનર્સ અપ ? મહિલા સિંગલ્સ
- સિમોના હાલેપ

૮ નાસાએ શોધેલા નવા બેક્ટેરિયાને કયા ભારતીયનું નામ આપ્યું ?
- ડૉ. એપીજે અબ્દુલ કલામ

૯ ૧૯૯૦માં કુવૈતમાં ૧.૭ લાખ ફસાયેલા ભારતીયોને કોણે બચાવ્યા હતા. ?
- માથુની મેથ્યું.

૧૦ માથુની મેથ્યુ કયાં રાજ્યના છે ?
- કેરળ

૧૧ માથુની મેથ્યુના જીવન પર બનેલ હિન્દી ફિલ્મનું નામ જણાવો.
- એરલીફટ

૧૨ એરલીફટ મુવીના દિગ્દર્શક જણાવો.
- નિખિલ અડવાણી

૧૩ એરલીફટ ફિલ્મમાં મેથ્યુનું પાત્ર કોણે ભજવ્યું હતું ?
- અક્ષય કુમાર

૧૪ ફિલ્મમાં અક્ષયકુમારનું નામ શું હતું ?
- રણજીત કાતિયાલ

આઇપીએલ -૧૦ ના જવાબ માટે

૧૫ પૂણે ટીમના કેપ્ટન – સ્ટિવન સ્મિથ

૧૬ મુંબઈ ટીમ કેપ્ટન – રોહીત શર્મા

૧૭ આઇપીએલ – ૧૦ ની ફાઇનલ મેચ કયાં શહેરમાં યોજાઇ હતી ?
- હૈદરાબાદ

૧૮ આઇપીએલ – ૧૦ માં વિજેતા ટીમને કેટલું ઇનામ મળ્યું ?
- રૂ. ૧૫ કરોડ (મુંબઇ ઇડીયન્સ)

Vivekanand Academy Gandhinagar

૧૯ કઈ ટીમને ફેરપ્લે એવોર્ડ મળ્યો ?
– ગુજરાત લાયન્સ
૨૦ પર્પલ કેપ ક્યાં બોલર પાસે રહી ?
– ભુવનેશ્વર કુમાર
૨૧ ક્યા ખેલાડીના નામે ફાસ્ટેસ્ટ ૫૦ નો રેકોર્ડ છે કેટલા બોલમાં
– સુનીલ નારાયણ – ૧૫ બોલમાં

## 23.May. 2017

**(૧) પ્રો. કબડ્ડી લીગ–૫ :**

– હાલમાં પ્રો.કબડ્ડી લીગની પાંચમી સીઝન માટે હરાજી થઇ.
– પાંચમી સિઝન માટે ટીમોની સંખ્યા ૮ થી વધારીને ૧૨ કરવામાં આવી છે.
– ૪ નવી ટીમોમાં
  (૧) તમિલનાડુ
  (૨) ગુજરાત
  (૩)ઉત્તર પ્રદેશ
  (૪) હરિયાણા
– દરેક ટીમે ઓછામાં ઓછા ૨ વિદેશી ખેલાડી રાખવાના હતા.
– નિતિન તોમર સૌથી મોંઘો ખેલાડી બન્યો હતો.
– ઉત્તરપ્રદેશની નવી ટીમે તેને રૂા ૯૩ લાખમાં ખરીદ્યા હતો.

(૨) જિંદર મહલ : રેસલર :

– ભારતીય મૂળના કેનેડિયન જિંદર મહલે WWE ના એરીનામાં ૧૩ વખતના ચેમ્પિયન રેન્ડી ઓર્ટનને હરાવી બૈંકલેશ ચેમ્પિયનશીપ પર કબજો જમાવ્યો.
– જિંદર બીજો ભારતીય રેસલર છે જેણે WWE માં કોઇ ટાઇટલ પોતાના નામે કર્યું હોય.
– આ પહેલા ધ ગ્રેટ ખલી આ ટાઇટલ જીતી ચૂક્યો છે.

(૩) રાણકી (રાણી કી) વાવ– વર્લ્ડ હેરિટેજ સાઇટ :

– કેન્દ્રના પ્રવાસ વિભાગ દ્વારા પાટણની વર્લ્ડ હેરિટેજ સાઇટ રાણી કી વાવને વાઇફાઇ થી સજ્જ કરી
– દેશ વિદેશના પ્રવાસીઓને ઇન્ટરનેટ સુવિધા પુરી પાડવા કેન્દ્ર સરકારનો પ્રયાસ
– ૨૦૧૪માં રાણી કી વાવને વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો મળ્યો હતો.
– અણહિલપુર પાટણના રાજવી ભીમદેવ સોલંકી પહેલાની યાદમાં ૧૧ મી સદીમાં રાણી ઉદયમતીએ સરસ્વતી નદીના કિનારે ૭ મજલાની વિશાળ વાવ બંધાવી હતી.
– રાણી કી વાવ પતિના પ્રેમની અમરગાથા વર્ણવે છે.
– ગુજરાતના ચાંપાનેરને પણ વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો મળેલ છે.

**(૪) દિવિજ શરણ અને પુરવ રાજા – ટેનિસ બોર્ડેક્સ ચેલેન્જર**

– ભારતના દિવિજ શરણ અને પુરવ રાજાએ ક્લે કોટ પર આ સિઝનનું પ્રથમ ટાઇટલ જીત્યું.
– ફાઇનલમાં તેણે મેક્સિકોના સેન્ટિયાગો ગોન્ઝાલેસ અને ન્યુઝિલેન્ડના આર્ટસ સિટાકની જોડીને પરાજય આપ્યો હતો.

**(૫) એશિયન બ્લિટ્ઝ ચેસ ચેમ્પિયનશીપ :**

– આયોજન : ચેંગડુ, ચીન
– ભારતની આર. વૈશાલીએ મહિલા વિભાગમાં ગોલ્ડમેડલ જીત્યો.
– તથા ભારતની પદમીની રાઉતે ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

પ્રશ્ન :

૧ પ્રો. કબડ્ડી લીગ સીઝન પાંચમાં કેટલી ટીમ હશે ?
– ૧૨
૨ પ્રો. કબડ્ડી લીગ–૫નો સૌથી મોંઘો ખેલાડી ?
– નિતિન તોમર
૩ પ્રો. કબડ્ડી લીગમાં દરેક ટીમે ઓછામાં ઓછા કેટલા વિદેશી ખેલાડી રાખવાના હોય છે.
૪ ક્યાં ભારતીય મૂળના કેનેડિયન રેસલરે WWE માં બૈંકલેશ ચેમ્પિયનશીપ જીતી ?
– જિંદર મહલ
૫ મે–૨૦૧૭માં કેન્દ્ર સરકારે ગુજરાતના ક્યા સ્થળને વાઇફાઇથી સજ્જ કર્યુ જે વર્લ્ડ હેરિટેજ સાઇટ છે
– રાણી કી વાવ
૬ કોણ રાણી કી વાવ બંધાવી હતી ?
– રાણી ઉદયમતી
૭ બોર્ડેક્સ ચેલેન્જર ટેનિસ ટૂર્નામેન્ટ ડબલ્સ વિજેતા ભારતીય જોડીનું નામ જણાવો.
– દિવિજ શરણ – પુરૂવ રાજા
૮ ભારતની આર. વૈશાલી કઇ રમત સાથે સંકળાયેલી છે ?
– ચેસ
૯ મે.૨૦૧૭માં એશિયન બ્લિટ્ઝ ચેસ ટૂર્નામેન્ટનું આયોજન ક્યાં થયું ?
– ચીન

## 24.May. 2017

**(૧) બ્રિટનમાં સંગીત કાર્યક્રમમાં આત્મઘાતી હુમલો :**

– બ્રિટનના માન્ચેસ્ટર એરેના મ્યુઝિક કોન્સર્ટ દરમિયાન આત્મઘાતી હુમલો થયો.
– માન્ચેસ્ટર એરેનામાં અમેરિકાની પોપ સીંગર અરિયાના ગ્રાન્ડેનો સંગીત કાર્યક્રમ ચાલુ હતો.
– આઇએસઆઇએસ દ્વારા કરાયેલા આ હુમલામાં અંદાજે ૨૨ ના મોત નિપજ્યા હતા તથા ૬૦ લોકો ઘાયલ થયા હતા.
– માન્ચેસ્ટર એરેના યુરોપનું સૌથી મોટું ઇન્ડોર સ્ટેડિયમ છે.
– આ સ્ટેડિયમમાં કોમનવેલ્થ ગેમ્સ પણ રમાઇ ચૂકી છે.

**(૨) ચંદ્રાસ્વામી :**

– ૯૦ ના દાયકામાં ચર્ચામાં રહેલા વિવાદિત તાંત્રિક ચંદ્રસ્વામીનું અવસાન.
– તેઓ નરસિંહરાવના ધાર્મિક ગુરૂ મનાતા હતા.
– તેમનું મૂળ નામ : નેમીચંદ

**(૩) વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી : ગુજરાત પ્રવાસ :**

– ૨૨ અને ૨૩ મે ૨૦૧૭ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવ્યા.
– ૨૨ મેના રોજ કચ્છ જિલ્લાના ભચાઉના લોધેશ્વર ખાતે વડાપ્રધાનશ્રીના હસ્તે નર્મદાના નીરનું કચ્છમાં અવતરણ થયું.
– નર્મદા નીરનું આ અવતરણ કચ્છના વાગડ પ્રદેશનાં ભચાઉ નજીકના ટપ્પર ડેમમાં નર્મદાનું પાણી ભરવા માટે ૧૪૮ કરોડના ખર્ચે તૈયાર કરેલ પમ્પિંગ સ્ટેશનના ઉદ્‌ઘાટન દ્વારા કરાયું.
– ગાંધીધામના કંડલા પોર્ટના ૯૯૬ કરોડ રૂપિયાના ૭ પ્રોજેક્ટનો શિલાન્યાસ, ઉદ્‌ઘાટન અને લોકાર્પણ કર્યું.
– કંડલા પોર્ટના રૂા. ૯૯૬ કરોડના ખર્ચે આ નવીનીકરણ સાથે તેનું જોડાણ ઇરાનના ચાબહાર બંદર સાથે થશે.
– ચાબહાર અને કંડલા પોર્ટના સીધા જોડાણથી વૈશ્વિક વેપારમાં અંગદની જેમ પગ જમાવશે.

Vivekanand Academy Gandhinagar

- આ વર્ષે પંડિત દિન દયાલ ઉપાધ્યાયની ૧૦૦ મી જન્મજયંતિ ઉજવાઇ રહી છે. ત્યારે વડાપ્રધાનશ્રીએ કંડલા બંદરને દિનદયાલ ઉપાધ્યાય નામ આપવા સૂચન કર્યું હતું.
- **આફ્રિકન ડેવલપમેન્ટ બેંક ગ્રુપ :**
- આફ્રિકન ડેવલપમેન્ટ બેંક ગ્રુપ ની પર મી વાર્ષિક સામાન્ય બેઠક ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાઇ
- વડાપ્રધાનશ્રીએ આ એન્યુઅલ મિટિંગમાં હાજરી આપી હતી.
- ૨૩ મે થી ૨૬ મે ૨૦૧૭ એમ ચાર દિવસ આ બેઠક યોજાશે.
- આ બેંકના પ્રમુખ યુત ડોઆદેશીના પણ હાજર રહ્યા હતા.
- આફ્રિકા ખંડના વિવિધ દેશોની આઝાદી ચળવળ તથા ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં રહેલી સામ્યતા વડાપ્રધાનશ્રીએ જણાવી હતી.
- મોદીએ તેમના વ્યક્તવ્યમાં જણાવ્યું કે ગાંધી અને ગોખલેએ ૧૯૧૨માં ટાન્ઝાનિયા મુલાકાત લીધી હતી.
- મોમ્બાસા – યુગાન્ડાની રેલવેના કામ માટે ભારતમાંથી ૩૨ હજાર લોકો આફ્રિકા ગયા હતા.
- ત્રીજી ઇન્ડો આફ્રીકન સમિટમાં ભારતે આ બેંકને આવતા પાંચ વર્ષમાં ૧૦૦૦ કરોડ ડોલરની સહાય કરવાનું વચન આપ્યું છે.
- ચિનના OBOR સામે એશિયા આફ્રિકા ગ્રોથ કોરીડોર વિકસાવવા વડાપ્રધાશ્રીએ જાહેરાત કરી.
- અમેરિકા અને જાપાનના સહયોગથી ભારત આ પ્રોજેક્ટ હાથ ધરશે.
- ગાંધીનગરમાં યોજાનારી એફડીબીની વાર્ષિક કોન્ફરસનો વિષય : ટ્રાન્સફોર્મિંગ એગ્રિકલ્ચર ફોર વેલ્થ ક્રિએશન ઇન આફ્રિકા છે.
- **આફ્રિકા ડેવલપમેન્ટ બેંકની સ્થાપના :**
- આફ્રીકન ડેવલપમેન્ટ બેંકની સ્થાપના ૧૦ સપ્ટેમ્બર ૧૯૬૪ના દિવસે થઈ હતી.
- આ બેંક આફ્રિકી સરકારો અને આફ્રિકાના ક્ષેત્રીય સભ્ય દેશો (આર એમસી) માં રોકાણ કરનારી ખાનગી કંપનીઓ માટે લોન તથા અનુદાન ઉપલબ્ધ કરાવે છે.
- એએફડીબીની આફ્રિકા બહાર ચોથી વખત વાર્ષિક કોન્ફરસ યોજાઇ.
- ભારતમાં આ વર્ષ પ્રથમ વખત આ કોન્ફરસ યોજાઇ. અને વર્ષ ૨૦૧૮માં દક્ષિણ કોરીયામાં યોજાય તેવી દરખાસ્ત છે.
- આફ્રિકાની બહાર કોન્ફરસ ક્યારે અને કયાં યોજાઇ ?
- વર્ષ : સ્થળ

| | |
|---|---|
| ૨૦૦૧ | વૈલેસિયા, સ્પેન |
| ૨૦૦૭ | શાંઘાઇ, ચીન |
| ૨૦૧૧ | લિસ્બન, પોર્ટુગલ |
| ૨૦૧૭ | ગાંધીનગર, ભારત |
| ૨૦૧૮ | બુસાન, દક્ષિણ કોરીયા (પ્રસ્તાવીત) |

બેંકના સભ્ય દેશ અને ભારત :

- હાલમાં આ બેંકના ૮૧ દેશ સભ્ય છે.
- ૫૪ આફ્રિકી દેશો તથા ૨૭ બિનાઆફ્રિકી દેશો સામેલ છે.
- બેંકમાં ૧૯૮૨ થી બિનઆફ્રિકી દેશોને પણ તેના સભ્ય બનાવવાનું શરૂ કરાયું હતું.
- ભારત ૧૯૮૨માં આફ્રિકા વિકાસ કોષમાં જોડાયું હતું અને ૧૯૮૩માં બેન્કમાં બિનઆફ્રિકી દેશ બન્યો હતો.

**બેંકનું વડુમથક :**

- બેન્કનું મુખ્યાલય આબિદજાન (આયવરી કોસ્ટ) માં છે.
- ૨૦૦૩માં બેંકનું મુખ્યાલય ટ્યુનિશિયાના ટ્યુનિશ લઇ જવાયું હતું.
- આયવરી કોસ્ટમાં સિવિલ વોરના કારણે ૨૦૧૪માં મુખ્યાલય ફરીથી આબિદજાન ખસેડાયું હતું

પ્રશ્નો :

૧ હાલમાં બ્રિટનના કયા શહેરમા મ્યુઝિક કોન્સર્ટમાં આત્મઘાતી હુમલો થયો ?
- માન્ચેસ્ટર

(૨) પોપ સિંગર અરિયાના ગ્રાન્ડે કયાં દેશની નાગરિક છે ?
- અમેરિકા

(૩) મે–૨૦૧૭ માં કયાં તાંત્રીક સ્વામીનું નિધન થયું જેઓ ૯૦ના દાયકામાં ખુબ જ ચર્ચામાં રહેલા ?
- ચંદ્રાસ્વામી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસ અંતર્ગત સવાલો :

(૪) કચ્છના કયાં સ્થળે નર્મદા નીર અવતરણ માટે ઉદ્‌ઘાટન કર્યું ?
- લોધેશ્વર

(૫) ગુજરાતના કયાં બંદરનું ૯૯૬ કરોડ રૂપિયાના ખર્ચે નવિનીકરણ કરવામાં આવશે ?
- કંડલા બંદર

(૬) કંડલા બંદરને ચાબહાર બંદર સાથે જોડાણ મળશે તે ચાબહાર બંદર કયાં દેશમાં આવેલ છે ?
- ઇરાન

(૭) વડાપ્રધાનશ્રીએ કંડલા બંદરને કયું નામ આપવા સૂચન કર્યું ?
- પં. દિન દયાલ ઉપાધ્યાય

(૮) આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની કેટલામી વાર્ષિક સામાન્ય બેઠક ગુજરાતમાં યોજાઇ ?
- પર મી

(૯) AFDB નું વડુમથક કયાં આવેલું છે ?
- આબિદજાન

(૧૦) AFDB ના સભ્ય દેશ કેટલા છે ?
- ૮૧

(૧૧) ૧૯૧૨માં કયાં બે ભારતીયો ટાન્ઝાનિયાની મુલાકાતે ગયા હતા ?
- ગાંધી ગોખલે

૧૨ ગાંધીનગરમાં યોજાયેલ AFDBની વાર્ષિક બેઠકનો વિષય ?
- ટ્રાન્સફોર્મિંગ એગ્રીકલ્ચર ફોર વેલ્થ ક્રિએશન ઇન આફ્રિકા

## 25.May. 2017

**૧) આર.અશ્વિન : ક્રિકેટર :**

- ભારતીય ઓફ સ્પીનર રવિચંદ્રન અશ્વિનને ક્રિકેટ રેટિંગ ઇન્ટરનેશનલ એવોર્ડ – ૨૦૧૭ માં સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર જાહેર કરાયો હતો.
- ક્રિકેટ ક્લબ ઓફ ઇન્ડિયામાં યોજાયેલા સમારોહમાં પૂર્વ કેપ્ટન સુનિલ ગાવસ્કર અને હર્ષ ગોયન્કાના હસ્તે આ એવોર્ડ એનાયત થયો હતો.
- અશ્વિને છેલ્લા ૧૨ મહિનામાં ૯૯ વિકેટ ઝડપી છે.
- આ ઉપરાંત યુવા બેટ્સમેન શુભમ ગીલને વર્ષનો સર્વશ્રેષ્ઠ યુવા ખેલાડીનો એવોર્ડ એનાયત થયો.

**(૨) નેપાળ પી.એમ.નું રાજીનામું :**

- નેપાળના વડાપ્રધાન પુષ્પકમલ દહલ 'પ્રચંડ' એ વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું
- માઓવાદી નેતા પ્રચંડ ૩ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ નેપાળી કોંગ્રેસ સાથે સમજૂતી હેઠળ પી.એમ. બન્યા હતા.

Vivekanand Academy Gandhinagar

- નવી સરકાર ૨૭ વર્ષમાં દેશની ૨૫ મી સરકાર બનશે.
- હવે શેર બહાદુર દેઉબા નવા વડાપ્રધાન બનશે.
- નેપાળ રાષ્ટ્રપતિ : વિદ્યાદેવી ભંડારી

**(૩) ઇન્ડો પેસિફિક : કોરીડોર :**

- ચીનના વનબેલ્ટ વન રોડ અભિયાનને પડકાર આપવા માટે અમેરિકા એશિયામાં ન્યુ સિલ્ક રોડ પ્રોજેક્ટ શરૂ કરશે.
- દક્ષિણ અને દક્ષિણ પુર્વ એશિયાને જોડનારા આ પ્રોજેક્ટમાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે.
- વર્ષ – ૨૦૧૧ માં અમેરિકાના તત્કાલીન વિદેશમંત્રી હિલેરી ક્લિન્ટને આ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી.
- ઓબામાંના બીજા કાર્યકાળમા આ પ્રોજેક્ટ અટકી પડ્યો હતો.
- અમેરિક્ન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેને ફરી શરૂ કરવાની જાહેરાત કરી.
- અમેરિકાએ એક દિવસ પહેલા વાર્ષિક બજેટમાં આ ન્યુ સિલ્ક રોડનો ઉલ્લેખ કર્યો છે.
- તેનું કેન્દ્ર અફઘાનિસ્તાન અને તેના પાડોશી રહેશે.
- આ પ્રોજેક્ટ હેઠળ પાકિસ્તાન અને ભારતની એનર્જીની જરૂરિયાતોને પૂરી કરવાની યોજના છે.
- સાથે જ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન માટે ભારત સુધી બજાર ઉપલબ્ધ કરાવવાનું છે.

પ્રશ્ન :

૧ ક્યા ભારતીય ક્રિકેટરને સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર જાહેર કરાયો ?
- આર. અશ્વિન

૨ ક્યા ભારતીય ક્રિકેટરને વર્ષનો સર્વશ્રેષ્ઠ યુવા ખેલાડી એવોર્ડ એનાયત થયો ?
- શુભમ ગીલ

૩ નેપાળના પી.એમ. એ રાજીનામું આપ્યુ તેઓ ક્યા નામથી જાણીતા હતા ?
- પ્રચંડ

૪ નેપાળના નવા વડાપ્રધાન કોણ બનશે ?
- શેર બહાદુર દેઉબા

૫ અમેરિકાએ એશિયામાં ક્યા કોરીડોરની જાહેરાત કરી ?
- ઇન્ડો પેસિફિક કોરીડોર

૬ એશિયાનો આ ન્યુ સિલ્ક પ્રોજેક્ટ ક્યા બે વિસ્તારને જોડશે ?
- દક્ષિણ એશિયા – દક્ષિણ પૂર્વ એશિયા

## 26.May. 2017

**૧) વર્લ્ડ મિસિંગ ચિલ્ડ્રન્સ ડે**

**(૨) ભારતીય બોક્સરોને મળ્યા વિદેશી કોચ :**

- **સેન્ટિયાગો નાઇવે :**
- મેન્સટીમ માટેના કોચ
- તેમનો કાર્યકાળ ૨૦૨૦ સુધી લંબાવાયો છે.
- **સ્ટીફન કોટલોર્થ :**

વિમેન્સ ટીમના કોચ નિયુક્ત કરાયા

ડિસેમ્બર, ૨૦૧૮ સુધી તેઓ આ પદ રહેશે.

**રાફેલ બર્ગમાસ્કો :**

–યુવા મહિલા બોક્સર કોચ

– ડિસેમ્બર ૨૦૨૦ સુધી તેઓ ટીમ સાથે જોડાયેલા રહેશે.

**૨) ઉઝમા અહેમદ :**

- પાકિસ્તાની નાગરિક તાહિરે બળજબરી પૂર્વક બંદુક બતાવી ભારતીય ઉઝમાં અહેમદ સાથે પાકિસ્તાનમાં લગ્ન કરી લીધા.
- તેઓની મુલાકાત મલેશિયામાં થઇ હતી. ત્યારબાદ ઉઝમાં ૧ મેના રોજ પાકિસ્તાન ગઇ હતી.
- બળજબરીથી લગ્ન કરાવ્યા બાદ ત્યાથી તે ભાગી જઇ ભારતીય દુતાવાસમાં શરણ લીધી.
- ભારતીય દુતાવાસ અને વિદેશમંત્રી સુષમા સ્વરાજના પ્રયાસથી ઇસ્લામાબાદ હાઇકોર્ટમાં અરજી કરી.
- અંતે ઇસ્લામાબાદ હાઇકોર્ટે ઉઝમાને ભારત પરત જવા પરવાનગી આપી.

**(૪) ઢોલા સદિયા પુલ :**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આસામમાં લોહીત અને બ્રહ્મપુત્રા નદી પર બાંધવામાં આવેલા દેશના સૌથી મોટા પુલને ખૂલ્લો મૂક્યો.
- આસામમાં આ પુલ સદિયા ખાતે શરૂ થાય છે અને અરૂણાચલમાં ઢોલા ખાતે પુરો થાય છે.
- પુલની લંબાઇ ૯.૧૫ કિ.મી. છે.

(એપ્રોચ રોડની સાથે કુલ લંબાઇ ૨૮.૫ કિ.મી.)

- પુલ નિર્માણ ખર્ચ રૂા. ૨૦૫૬ કરોડ
- પુલને ખુલ્લો મુકાયા પછી આસામ અને અરૂણાચલપ્રદેશ વચ્ચેનું અંતર ૧૬૫ કિ.મી ઘટશે.
- બંને રાજ્યમાં આવવા –જવા હવે પાંચ કલાકનો સમય બચશે.
- ૨૦૦૯માં મનમોહન સરકારે આ પુલ માટે મંજુરી આપી હતી.

અને ૨૦૧૧માં બાંધકામ શરૂ થયું હતું. પરંતુ પુરના કારણે કામ અટકી પડ્યું હતું.

- લશ્કર માટે આ પુલ મહત્વનો છે. તેના પરથી ૬૦ ટનની ટેન્કો પસાર થઇ શકશે અને એક દિવસમાં ચીનની બોર્ડર સુધી પહોંચી શકશે.
- ચીનની સરહદથી અંતર ૧૦૦ કિ.મી.
- પુલને આસામના ગીતકાર, સંગીતકાર અને ગાયક
- ભૂપેન હજારીકા બ્રીજ નામ આપવામાં આવ્યું.

**આસામમાં એઇમ્સની ભેટ :**

- આ ઉપરાંત વડાપ્રધાનશ્રીએ આસામમાં દેશની બીજી એઇમ્સ (ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ) નો શિલાન્યસ આસામમાં ગુવાહાટીમાં કર્યો.
- આશરે રૂા. ૧૧૨૩ કરોડના ખર્ચે તૈયાર થશે.
- એનડીએ સરકારના કાર્યકાળને ત્રણ વર્ષ પૂરા થયા માટે ઉદ્‌ઘાટન તથા શિલાન્યાસ કરવામાં આવ્યા.

પ્રશ્નો :

૧ ૨૬ મેના રોજ કયો આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- વર્લ્ડ મિસિંગ ચિલ્ડ્રન્સ ડે

(૨) ભારતીય બોક્સિંગ મેન્સ ટીમના કોચ કોણ છે ?
- એન્ટિયાગો નાઇવે

૩) ભારતીય મહીલા બોક્સરો માટે કોને કોચ બનાવાયા ?
- સ્ટિફન કોટલોર્દા

૪) કઇ ભારતીય મહિલા ઇસ્લામાબાદ હાઇકોર્ટના ચૂકાદાથી સ્વદેશ પરત ફરી ?
- ઉઝમા અહેમદ

૫) ઢોલા ક્યાં રાજ્યમાં આવેલું છે ?
- અરૂણાચલ પ્રદેશ

Vivekanand Academy Gandhinagar

૬) દેશના સૌથી મોટા પુલનું નામ જણાવો. જેને વડાપ્રધાનશ્રીએ ૨૬ મે, ૨૦૧૭ના રોજ ખૂલ્લો મુક્યો ?
– ઢોલા–સદિયા બ્રિજ
૭) ઢોલા–સદિયા બ્રિજની લંબાઇ જણાવો.
– ૯.૧૫ કિ.મી.
૮) ઢોલા– સદિયા બ્રિજને કયું નામ આપવામાં આવ્યું ?
– ભુપેન હજારીકા બ્રિજ
૯) ઢોલા સદિયા બ્રિજ કયા બે રાજ્યને જોડશે ?
– આસામ–અરૂણાચલપ્રદેશ
(૧૦) એઇમ્સ નું પુરૂનામ જણાવો.
– ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ

## 27.May. 2017

**(૧) ડાંગ ઓર્ગેનિક જિલ્લો બનશે :**
– ડાંગ જિલ્લામાં આહવા ખાતે દક્ષિણ ગુજરાત પ્રદેશનો સંયુક્ત કૃષિ મહોત્સવ યોજાયો.
– મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ હાજરી આપી ડાંગમાં વિકાસ પર્વ રૂપે રૂા. ૧૮૮ કરોડના કામોનું લોકાર્પણ કર્યું.
– ઉપરાંત મુખ્યમંત્રીએ રાજ્યમાં એક ઓર્ગેનિક યુનિવર્સિટી સ્થાપવાની જાહેરાત કરી.
– તથા વનવાસી ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા ઓર્ગેનિક જિલ્લો બનાવવામાં આવશે.

**(૨) કે.પી. એસ. ગીલ**
– પંજાબના પૂર્વ પોલીસ વડા કે.પી. એસ. ગિલનું ૮૨ વર્ષની વયે અવસાન.
– પુરૂનામ : કંવરપાલ સિંઘ ગીલ
– તેઓ બે વાર પંજાબના ડીજીપી રહ્યા હતા.
– ૧૯૯૫માં તેઓ પોલીસ વિભાગમાંથી નિવૃત થયા હતા.
– પંજાબમાં પાકિસ્તાની ચળવળને તોડવા ગીલે મહત્વની ભૂમિકા નિભાવી હતી. તે કામગીરી બદલ તેમને ‘સુપર કોપ’ તરીકે યાદ કરવામાં આવે છે.
– તેમણે ૧૯૮૮માં ઓપરેશન બ્લેક થંડરનું નેતૃત્વ કર્યું હતું.
– ૧૯૮૯માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
– ૨૦૦૨માં ગુજરાત રમખાણો વખતે કેન્દ્ર સરકારે તેમને ગુજરાતમાં સિક્યુરીટી એડવાઇઝર ટુ સીએમ તરીકે નિમણૂંક કરી હતી.
– તેઓ ભારતીય હોકી સંઘના પ્રમુખ પણ રહી ચૂક્યા હતા
– ૨૦૧૩માં કે.પી. એસ. ગીલ– ધ પેરામાઉન્ટ કોપ’ તેમની બાયોગ્રાફી પ્રકાશીત થઇ હતી.

**(૩) નઝમ સેઠી : પીસીબી અધ્યક્ષ :**
– પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે નઝમ શેઠીને પોતાના નવા ચેરમેન તરીકે જાહેર કર્યા.
– ઓગસ્ટમાં શહરયારખાનની ટર્મ પુરી થતા શેઠી તેમનું સ્થાન લેશે.

પ્રશ્ન :
૧ હાલમાં પંજાબના કયાં પૂર્વ ડીજીપીનું અવસાન થયું ?
– કે.પી. એસ. ગીલ
૨ કે.પી.એસ.ને કયાં ઉપનામથી ઓળખવામાં આવે છે ?
– સુપરકોપ
૩ ૧૯૮૯માં ભારત સરકાર દ્વારા કયાં એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. ?
– પદ્મશ્રી
૪ કે.પી.એસ. ગીલની બાયોગ્રાફી જણાવો.
– કે.પી.એસ. ગીલ – ધ પેરામાઉન્ટ કોપ
૫ કે.પી.એસ. ગીલ કઈ રમત સંઘના અધ્યક્ષ રહી ચૂક્યા હતા ?
– ભારતીય હોકી સંઘ
૬ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના નવા અધ્યક્ષ કોણ છે ?
– નઝમ શેઠી
૭ મુખ્યમંત્રીશ્રી દ્વારા કયા જિલ્લાને ૧૦૦ ટકા ઓર્ગેનિક બનાવવાની જાહેરાત કરાઇ ?
– ડાંગ

## 28.May. 2017

**(૧) શ્રીલંકામાં ભયાનક પૂર આવતા ભારતે રાહત સામગ્રી સાથે જહાજ મોકલ્યું :**
– મે, ૨૦૧૭ માં શ્રીલંકામાં ભયાનક પુર આવતા અને ખડકો ધસી પડવાના કારણે ૩૦ થી વધુ લોકોના મોત નિપજ્યા
– આ કુદરતી આફત સામે ભારતે શ્રીલંકા રાહત સામગ્રી સાથે જહાજ મોકલ્યું.
– બંગાળની ખાડીથી આઇએનએસ કિર્ચ જહાજને શ્રીલંકા રવાના કરવામાં આવ્યું.

**(૨) ન્યુરેમબર્ગ ઓપન– ટેનિસ :**
– હોલેન્ડની કિકી બર્ટેન્સે ન્યુરેમબર્ગ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ જીતી.
– ફાઇનલમાં તેણીએ ચેક ગણરાજ્યની બાબોરા ક્રેજકોવાને પરાજય આપ્યો હતો.

**(૩) પ્રવિન્દકુમાર જગન્નાથ : મોરિશિયસ વડાપ્રધાન :**
– મોરેશિયશના પ્રવિન્દકુમાર જગન્નાથ ભારતના ૩ દિવસીય રાજકીય પ્રવાસે આવ્યા.
– બંને દેશ વચ્ચે મહત્વના ૪ કરાર કરવામાં આવ્યા.
– ભારત દ્વારા મોરિશિયસને ૫૦ કરોડ ડોલર (રૂા. ૩૨૨૭) કરોડ લોન પણ આપવામાં આવશે.

**૪) દેશના પ્રથમ ઝિકા વાયરસના કેસ :**
– દેશના પ્રથમ ઝિકા વાઇરસના ત્રણ કેસ અમદાવાદમાં નોંધાયા.
– WHO ના રિપોર્ટ મુજબ આ ત્રણેય કેસ અમદાવાદના બાપુનગર વિસ્તારના છે.
– એડિસ મચ્છર કરડવાથી જ ઝિકા અને ડેન્ગ્યુ થાય છે.

**(૫) સબઝાર અહમદ બટ : આતંકવાદી**
– આતંકવાદી સંગઠન હિઝબુલનો કમાન્ડર સબઝાર અહમદ બટને સુરક્ષાદળ દ્વારા ઠાર મરાયો.
– બુરહાન વાનીને ઠાર કરાયા પછી સબઝાર હિઝબુલનો કમાન્ડર બન્યો હતો.
– તેણે કટ્ટરવાદને સોશિયલ મિડિયા દ્વારા ભડકાવ્યો હતો. અને યુવાનોના કાનમાં ભારત વિરૂદ્ધ ઝેર રેડ્યું હતું.

પ્રશ્ન :
૧) શ્રીલંકામાં રાહત સામગ્રી મોકલવા ભારતે કયું જહાજ મોકલ્યું ?
– આઇએનએસ કિર્ચ
૨) ન્યુરેમબર્ગ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ વિજેતા ?
– કિકી બર્ટેન્સ
૩) મોરેશિયસ વડાપ્રધાનનું નામ જણાવો.
– પ્રવિન્દકુમાર જગન્નાથ
૪) દેશમાં પ્રથમવાર ઝિકા વાઇરસનો કેસ કયાં નોંધાયો ?
– અમદાવાદ, ગુજરાત
૫) ભારત મોરેસિયશ વચ્ચે કેટલા કરાર થયા ?

– ચાર
૬) ક્યાં મચ્છર કરડવાથી ઝિકા વાયરસ ફેલાય છે ?
– એડિસ મચ્છર
૭) તાજેતરમાં સુરક્ષાદળ દ્વારા હિઝબુલ કમાન્ડરને મોતને ઘાટ ઉતાર્યો તેનું નામ જણાવો.
– સબઝાર અહમદ બટ

## 29.May. 2017

**(૧) એવરેસ્ટ ડે**

– ૧૯૫૩માં ૨૯ મેના દિવસે એડમન્ડ હિલેરી અને તેનસિંગ નોંગેએ પ્રથમવાર એવરેસ્ટ સર કરવાની સિદ્ધિ મેળવી હતી.
– માટે પર્વતારોહણના ઇતિહાસમાં આ દિવસને એવરેસ્ટ ડે તરીકે મનાવાય છે.
– એવરેસ્ટ દુનિયાનું સૌથી ઉંચું શિખર છે.
– ઉંચાઇ : ૨૯૦૨૯ ફીટ (૮૮૪૮ મીટર)
– એવરેસ્ટના અન્ય બે નામ છે.
 **(૧) સાગરમથા (નેપાળી નામ)**
 **(૨) ચોમોલુંગ્મા (ચીની નામ)**
– પ્રથમ વખત એવરેસ્ટ સર કરવાનું બહુમાન મેળવનાર ન્યુઝિલેન્ડના હિલેરી એડમન્ડ ભારતમાં ન્યુઝીલેન્ડના હાઇ–કમિશનર પણ બન્યા હતા.
– એવરેસ્ટથી ૩૦ ફીટ દુર વિશાળ શીલાને હિલેરી એડમન્ડ નામ આપવામાં આવ્યું છે.
– તથા તેનસિંહ ભારતની પર્વતારોહી સંસ્થા 'હિમાલયન માઉન્ટેનિયરિંગ ઇન્સ્ટિટ્યૂટ' ના ૨૨ વર્ષ સુધી ડિરેક્ટર રહ્યા
– એવરેસ્ટ આરોહણ મોટભાગે ટુકડીમાં થતું હોય છે.
– ચીને ૧૯૭૫માં ૪૧૦ સભ્યોની ટુકડી મોકલી હતી જે અત્યાર સુધીની સૌથી મોટી ટીમ નોંધાઇ છે.
– નેપાળના અપા શેરપા અને કુર્બા શેરપા સૌથી વધુ ૨૧ વખત એવરેસ્ટ સર કરનારા સાહસિકો છે.
– ફશંગ શેરપા નામના પર્વતારોહકના નામે ચારેય દિશાએથી એવરેસ્ટ આરોહણ કરવાનો વિક્રમ છે.
– બાબુ શિરી શેરપાના નામે સૌથી વધુ ૨૧ કલાક ૩૦ મિનિટ એવરેસ્ટ પર ઓક્સિજન વગર રહેવાનો વિક્રમ છે.
– અમેરિકાના જોર્ડન રોમેરોએ ૨૦૧૦માં માત્ર ૧૩ વર્ષ અને ૧૦ મહિનાની ઉંમરે એવરેસ્ટ સર કરી સોથી નાની વયે એવરેસ્ટ સર કરવાનું બહુમાન મેળવ્યું હતું.

**શેરપા :**

– નેપાળના વતની શેરપાઓ વગર આરોહણ અશક્ય હોય છે.
– દરેક ટૂકડીમાં માર્ગદર્શક તરીકે શેરપાઓ હોય છે.
– શેરપા શબ્દનો અર્થ પૂર્વમાંથી આવેલી પ્રજા થાય છે.
– શેરપા નેપાળની વણજારા પ્રજા છે.

**ભારત અને એવરેસ્ટ આરોહણ :**

– ૧૯૮૪માં બેચેન્દ્રી પાલ એવરેસ્ટ સર કરનારા પહેલા ભારતીય હતા.
– ઉત્તરાખંડના નકુરી ગામના વતની હતાં
– ભારત સરકારે તેમને પદ્મશ્રી એવોર્ડથી સન્માનીત કર્યા
– ૨૦૧૪માં તેલંગણાની પૂર્ણા માલાવથ માત્ર ૧૩ વર્ષ અને૧૧ મહિનાની ઉમંરે એવરેસ્ટ સર કરનારી સૌથી નાની વયની ભારતીય છે.
– ડિરેક્ટર રાહુલ બોઝે પૂર્ણાના જીવન પર ફિલ્મ બનાવી હતી. 'પૂર્ણા : કરેજ હેઝનો લિમિટ'

**K-2 (ગોડવીન ઓસ્ટીન)**

– એવરેસ્ટ થી ૨૪૦૦ કિ.મી દૂર ઉત્તર પશ્ચિમે આવેલું ગોડવીન ઓસ્ટીન ભારતનું સૌથી ઉંચુ શિખર મનાય છે.
– ગોડવીન ઓસ્ટીન એવરેસ્ટ બાદ વિશ્વનું બીજા નંબરનું સૌથી ઉંચુ શિખર મનાય છે.
– ઉંચાઇ : ૨૮,૨૫૧ ફીટ
– તે કારાકોરમ પર્વતમાળામાં આવેલું હોવાથી 'કે' અને બીજા નંબરનું હોવાથી '૨' એમ મળીને K-2 નામ બન્યુ છે.

**(૨) મન કી બાત :**

– દર મહિનાના છેલ્લા રવિવારે યોજાતી મન કી બાત ની ૩૨માં આવૃતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધી
– તેમણે લોકોને 'વેસ્ટ' ને 'વેલ્થ' સમજવા અપીલ કરી હતી.
– તેમજ યોગ કરવા તંદુરસ્તી જાળવવા અને પર્યાવરણની જાળવણી કરવા હાંકલ કરી હતી.

**મન કી બાત ના પુસ્તકનું વિમોચન :**

– મોદી શાસનના ત્રણ વર્ષ પુરા થયા ત્યારે ૨૬ મે ના રોજ મન કી બાતને પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યું.
 (૧) મન કી બાત : અ સોશિયલ રિવોલ્યુશન ઓન રેડયો
 (૨) 'માર્ચિંગ વિથ અ બિલિયન : એનાલાઇઝીંગ નરેન્દ્ર મોદી ગરર્નમેન્ટ એટ મિડટર્મ :
– આ બે પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં આવ્યા.

**પર્યાવરણ વિશેષ :**

– ૫ જુનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ છે તે દિવસે દેશના ૪૦૦૦ શહેરોમાં સોલીડ વેસ્ટ અને લિક્વિડ વેસ્ટ એકઠા કરવા માટે લીલા અને બ્લ્યૂ કલરના ડસ્ટબિન આપવામાં આવશે.
– પ્રવાહી કચરો લીલા અને સૂકોં કચરો બ્લ્યૂ ડસ્ટબીનમાં ભેગો કરવો.

**(૩) GSLV-MK-3**

– આંધ્રપ્રદેશના હરિકોટામાં રોકેટ પ્રક્ષેપણ કેન્દ્રમાં સૌથી ભારે વજનદાર રોકેટ GSLV-MK-3 વિકસાવાઇ રહ્યું છે.
– આ રોકેટનું વજન ૨૦૦ પુખ્ત હાથીના વજન જેટલું હશે.
– ભવિષ્યમાં આ રોકેટ દ્વારા ભારતીયોને અંતરીક્ષમાં મોકલી શકાશે.
– આ રોકેટ અત્યાર સુધીના સૌથી ભારે ઉપગ્રહોને લઇ જવા સક્ષમ હશે.
– એક દશકામાં ઓછામાં ઓછા છ સફળ પ્રક્ષેપણ પછી આ રોકેટનો ઉપયોગ માનવસહિત અભિયાન માટે થશે.
– આ સંપૂર્ણ સ્વદેશી રોકેટ વિકસાવવાનો અંદાજીત ખર્ચ : ૩૦૦ કરોડ
– આ રોકેટ પૃથ્વીની નીચલી કક્ષામાં આઠ ટન સુધીનું વજન લઇ જવા સક્ષમ છે.
– જો માનવીય ઉપક્રમ હકીકતનું સ્વરૂપ લેશે તો ભારત રશિયા, અમેરિકા અને ચીન પછી ચોથો દેશ બનશે. જેનો એક માનવીય અંતરીક્ષ ઉડાન કાર્યક્રમ હશે.

**(૪) સફાઇ શિક્ષણ પર રાજકોટનો રેકોર્ડ :**

– રાજકોટ મહાનગરપાલીકાએ સફાઇનું શિક્ષણ આપવા એક છત નીચે એક સાથે ૧૯૨૧ મહિલા અને પુરૂષોને એકઠા કરી વર્લ્ડ રેકોર્ડ કર્યો.
– 'લાર્જેસ્ટ હાઉસ ક્લીનીંગ લેશન' શિર્ષક હેઠળ થયેલ આ કાર્યક્રમ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોડ તથા વર્લ્ડ રેકોર્ડર્સ ઇન્ડિયામાં પણ સ્થાન હાંસલ કર્યુ.
– અગાઉ આ રેકોર્ડ ચાઇનામાં ૬૮૮ લોકોના નામ પર હતો

**(૫) સુદીરમન કપ – બેડમિન્ટન :**

Vivekanand Academy Gandhinagar

- સાઉથ કોરીયાએ ચીનને પરાજય આપી ચોથી વખત સુદીરમન કપ જીત્યો.
- ચીન અત્યાર સુધીમાં ૧૦ વખત સુદીરમન કપમાં ચેમ્પિયન રહ્યું હતું.
- ભારતીય ટીમ કવાટર ફાઇનલમાં પહોંચી હતી.
- પરંતુ ચીન સામે હારતા બહાર થઇ હતી.
- આ ટૂર્નામેન્ટ ઓસ્ટ્રેલિયા ખાતે યોજાઇ હતી.

**(૬) ગૈલીલિયો સેટેલાઇટ :**

- યુરોપે પોતાની નેવિગેશન સિસ્ટમ વિકસાવી છે.
- ગૈલેલિયો જે અમેરિકાના જીપીએસ કરતા ઘણી ઝડપી અને ચોક્કસ છે.
- અમેરિકી સેટેલાઇટ સાથે મળીને કામ કરવાની એક સીસ્ટમ તૈયાર થઇ છે. ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ એટલે જીપીએસ
- યુરોપ તેની નેવીગેશન સિસ્ટમને અમેરિકાની સીસ્ટમ કરતા પણ વધુ બહેતર બનાવવા માગે છે.
- ગલેલિયોની સેટેલાઇટસ જીપીએસની તુલનામાં ઘણા શક્તિશાળી સિગ્નલ અને ફ્રિક્વન્સી મોકલે છે.
- આને કારણે દુનિયાભરમાં કોઇપણ સ્થળે લોકેશનની જાણકારી વધુ ચોક્કસપણે મળી શકે છે.
- મિશનની દેખરેખ જર્મનીમાં ગેલીલિયો કંટ્રોલ સેંટન્ટરથી કરવામાં આવશે.
- આ એક મોટો પ્રોજેક્ટ છે. જેને પુરો કરવા સમગ્ર વિશ્વના ૧૦૦ વૈજ્ઞાનિક અને ટેક્નિશિયનો કામ કરી રહ્યા છે.
- ઉપગ્રહ એવી રીતે સ્થાપિત કરવામાં આવ્યા કે તે પૃથ્વીની ૧-૧ જગ્યા રોકી શકે.
- આ સંપૂર્ણ ઝુંબેશ પર લગભગ પાંચ અરબ યુરોનો ખર્ચ થશે.

**(૭) ઓક્સફર્ડ યુનિ. માં ગાંધીજી ભણાવવામાં આવશે.**

- ઓક્સફર્ડ યુનિવર્સિટીએ હવે ઇતિહાસના વિદ્યાર્થીઓ માટે ફરજીયાત વિષય લાગુ કર્યા છે તેમાં ભારતીય અને એશિયા મધ્યપૂર્વનો ઇતિહાસ સામેલ કર્યો છે.
- મુખ્ય મુદ્દા ભણાવવામાં આવશે તેમાં ભારતીય સ્વતંત્રતા આંદોલન, ૧૯૬૦ના દાયકાનો સિવિલ રાઇટ્સ આંદોલન મહત્મા ગાંધી અને માર્ટિન લ્યુથર કિંગ છે.

**(૮) ભવાની દેવી – તલવારબાજી :**

- ભારતની ભવાની દેવીએ આઇસલેન્ડ ખાતે યોજાયેલી ટનોઇ સેટેલાઇટ ફેન્સીંગ (તલવારબાજી) ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- આ સાથે તે તલવારબાજીની આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભારત માટે ગોલ્ડમેડલ જીતનારી સૌપ્રથમ ખેલાડી બની ગઈ છે.
- ભવાનીએ સાબ્રે ઇવેન્ટમાં આ સફળતા મેળવી હતી.
- તલવારબાજીમાં ઉપયોગમાં લેવાતા ત્રણ આધુનિક શસ્ત્રોમાંના એકને સાબ્રે કહેવામાં આવે છે.

પ્રશ્ન :

૧ ઓક્સફર્ડ યુનિમાં કયાં ભારતીય મહાનુભાવને ભણાવવામાં આવશે ?
- ગાંધીજી

૨ ભવાની દેવી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?
- તલવારબાજી

૩ આઇસલેન્ડ ખાતે યોજાયેલ તલવારીબાજીમાં ભવાની દેવીએ કયો મેડલ જીત્યો ?
- ગોલ્ડ મેડલ

૪ એવરેસ્ટ ડે ક્યારે મનાવાય છે ?
- ૨૯ મે

૫ એવરેસ્ટ સર કરનાર પ્રથમ બે વ્યક્તિના નામ જણાવો.
- હિલેરી એડમન્ડ, તેનસિંહ

૬ ભારતની પર્વતારોહી સંસ્થાનું નામ જણાવો જેમાં તેનસિંહ ૨૨ વર્ષ સુધી ડિરેક્ટર રહ્યા.
- હિમાલયન માઉન્ટેનિયરિંગ ઇન્સ્ટિટ્યુટ

(૭) 'શેરપા' શબ્દનો અર્થ શું થાય છે ?
- પૂર્વમાંથી આવેલી પ્રજા

૮ એવરેસ્ટ સર કનાર સૌપ્રથમ ભારતીય ?
- બચેન્દ્રી પાલ- ૧૯૮૪

૯ એવરેસ્ટ સર કરનાર સૌથી નાની વયની પૂર્ણા પર કઇ ફિલ્મ બની છે ?
- પૂર્ણા : કરેજ હેઝ નો લિમિટ

૧૦ ભારતનું સૌથી ઉંચુ શિખર કયું છે ?
- ગોડવીન ઓસ્ટીન

૧૧ પ્રધાનમંત્રી મન કી બાત ક્યારે સંબોધે છે ?
- દર મહિનાના છેલ્લા રવિવારે

૧૨ મે ૨૦૧૭માં મન કી બાતની કેટલામી આવૃતિ પ્રધાનમંત્રીએ સંબોધી ?
- ૩૨મી

૧૩ મોદીશાસનના ત્રણ વર્ષ પૂરા થયા તે નિમિત્તે મન કી બાતનું પુસ્તક રૂપે વિમોચન કરાયું તેનું નામ જણાવો.
- મન કી બાત : (૧) અ શોસિયલ રિવોલ્યુશન ઓન રેડીયો (૨) માર્ચિંગ વિથ અ બિલયિન : એનાલાઇઝિંગ નરેન્દ્ર મોદી ગવર્નમેન્ટ એટ મિડટર્મ

૧૪ ૫ જૂન પર્યાવરણના દિવસે લીલા અને બલ્યૂ ડસ્ટબીન આપવામાં આવશે તેમાં લીલા કલરમાં કયો કચરો ભેગો કરવો. ?
- પ્રવાહી

૧૫ બ્લ્યુ ડસ્ટબીનમાં કયો કચરો ભેગો કરવો ?
- સુકો

૧૬ ઇસરો હાલમાં કયું સૌથી ભારે રોકેટ વિકસાવી રહ્યું છે ?
- GSLV MK3

૧૭ GSLV MK3 પ્રોજેક્ટનો ખર્ચ ?
- રૂા. ૩૦૦ કરોડ

૧૮ GSLV MK3 માનવસહિત રોકેટ થશે તો ભારત વિશ્વમાં કેટલામો દેશ બનશે ?
- ચોથો

૧૯ સફાઇ પર શિક્ષણ માં કયાં શહેરમાં ૧૯૨૧ લોકો મળીને રેકોર્ડ સર્જ્યો ?
- રાજકોટ

૨૦ સુદીરમન કપ વિજેતા ?
- સાઉથ કોરીયા

૨૧ સુદીરમન કપ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
- બેડમિન્ટન

૨૨ યુરોપ પોતાની કઇ નેવી-ગેશન સિસ્ટમ વિકસાવે છે ?
- ગૈલીલિયો

## 30.May. 2017

**(૧) હિન્દી પત્રકારિતા દિવસ :**

- ૩૦ મેના દિવસે હિન્દી પત્રકારિતા દિવસ મનાવાય છે.
- ૩૦ મે ના ૧૮૨૬ ના રોજ યુગલકિશોર શુક્લે પ્રથમ હિન્દી સમાચારપત્ર ઉદન્ત માર્તણ્ડનાં પ્રકાશનનો પ્રારંભ કર્યો હતો.

- ભારતમાં પત્રકારિતાની શરૂઆત બંગાળથી થઇ હતી. યુગલકિશોર શુક્લ દ્વારા

**(૨) દાદા સાહેબ ફાળકે એકેડમી એવોર્ડ :**

- અભિનેત્રી પ્રિયંકા ચોપરાને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી નવી કેટેગરીના ઇન્ટરનેશનલ એક્લેમ્ડ એક્ટ્રેસ એવોર્ડની સન્માનીત કરાશે.
- ફાળકે એવોર્ડ હેઠળ આ કેટેગરી પ્રથમ વખત શરૂ કરાઇ છે.
- પ્રિયંકાને આ સન્માન ૧ જૂને અપાશે.

**(૩) જુડી વાઇરસ :**

- દ. કોરીયન કંપનીએ જુડી વાઇરસ પેદા કર્યો છે.
- ગુગલ પ્લેના સર્વરને બાયપાસ કરીને આ વાઇરસ ૪૧ એપમાં ઘૂસી ગયો છે.
- આ વાઇરસ એપ સાથે સીધો જોડાયેલો હોવાને લીધે તે ૪૫ લાખથી ૧૮૫ લાખ ડાઉલોડ થઇ થઈ ચૂક્યો છે.
- વાઇરસને પકડનાર કંપની : સિક્યુરીટી રિસર્ચ ફર્મ ચેક પોઇન્ટ
- વાઇરસને દુર કરવા ગુગલે પગલા ભરવા શરૂ કરી દીધા છે જેથી એન્ડ્રોઇડ યુઝર્સને તકલીફના થાય.

પ્રશ્ન

(૧) હિન્દી પત્રકારિતા દિવસ ક્યારે મનાવાય છે ?
- ૩૦ મે

(૨) પ્રથમ હિંદી સમાચાર પત્ર ?
- ઉદન્ત માર્તણ્ડ

(૩) દાદાસાહેબ ફાળકે ઇન્ટરનેશનલ એકલેમ્ડ એવોર્ડથી કોને સન્માનીત કરાશે ?
- પ્રિયંકા ચોપરા

(૪) હાલમાં ગુગલ પ્લેસ્ટોરમાં કયા વાઇરસની હાજરી જોવા મળી જે એન્ડ્રોઇડ ફોનમાં એપ સાથે ડાઉનલોડ થઈ જાય છે.
- જુડી વાઈરસ

(૫) જુડી વાઇરસ પકડનાર કંપની ?
- સિક્યુરીટી રિસર્ચ ફર્મ ચેક પોઇન્ટ

## 31.May. 2017

**(૧) વર્લ્ડ નો ટોબેકો ડે**

**(૨) ૧ રૂપિયાની નોટનો કલર બદલાયો :**

- કેન્દ્ર સરકારે બે દાયકા સુધી એક રૂપિયાની નોટનું છાપકામ બંધ કર્યું હતું તે ૨૦૧૫ થી ફરી ચાલુ કર્યું હતું.
- હવે ૧ રૂપિયાની નવી નોટ બહાર પાડશે જે લીલા – ગુલાબી કલરમાં હશે.
- જુની નોટો પણ ચલણમાં ચાલુ જ રહેશે.
- નોટની ડીઝાઇનમાં કોઇ ફેરફાર નહીં થાય પાછળના ભાગે સાગર સમ્રાટની તસવીર હશે ફક્ત રંગોમાં બદલાવ થશે.
- ૧ રૂપિયાની નોટ સરકાર બહાર પાડે છે તેના પર નાણા મંત્રાલયના સચિવના હસ્તાક્ષર હોય છે.
- અન્ય નોટમાં ભારતીય રિઝર્વ બેંકના ગવર્નરની સહી હોય છે.

**(૩) બગદાદમાં આતંકી હુમલો :**

- ઇરાકના બગદાદમાં આતંકીઓ દ્વારા બેવડો આતંકી હુમલો કરવામાં આવ્યો.
- પહેલા હુમલામાં રમજાનની ઇફતારી બાદ આઇસ્ક્રિમ પાર્લરની બહાર કારમાં બ્લાસ્ટ થયો.
- બીજા હુમલામાં સરકારી પેન્શન કચેરી બહાર બીજી એક કારમાં બ્લાસ્ટ થયો.
- બંને હુમલામાં ૨૭ મોત તથા ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.
- રમજાનના પવિત્ર મહિનામાં કરાયેલા આ હુમલાની જવાબદારી (ISIS) દ્વારા સ્વિકારાઇ

**(૪) યુ.પી.માં ડોક્ટરોની નિવૃતી વય વધી :**

- ઉત્તરપ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે ડોક્ટરોની નિવૃતી વય ૬૦ વર્ષથી વધારી ૬૨ વર્ષ કરી.
- યોગી કેબીનેટ દ્વારા ડોક્ટરોની અછતના કારણે આ નિર્ણય લેવાયો.

**(૫) મોરા વાવાઝોડું :–**

- શ્રીલંકામાં ૨૦૦૩ બાદ સૌથી ભયંકર પુર આવ્યુ જેમાં મૃત્યુઆંક વધીને ૧૯૩ થઇ ગયો છે.
- ‘મોરા’ નામના આ વાવાઝોડામાં બચાવ કામગીરીમાં ભારત પણ જોડાયું છે.
- ભારતના આઇએનએસ શારદુલ માં ૨૦૦ જવાનો તથા આઇએનએસ કિર્ચમાં ૧૨૫ જવાનો હાલ બચાવ કામગીરીમાં જોડાયેલા છે.
- ‘મોરા’ વાવાઝોડુ હવે શ્રીલંકાથી આગળ વધી બાંગ્લાદેશ તરફ વળ્યું છે જ્યાં વાવાઝોડાના લીધે ૬ લોકોના મોત નિપજ્યા છે.
- શ્રીલંકામાં ૮૦,૦૦૦ લોકોના મકાનોને પૂરના કારણે નુકસાન થયું હોવાથી હાલમાં આ લોકો રાહત કેમ્પમાં રહેવા મજબૂર છે.

પ્રશ્ન :

૧ ૩૧ મે ના રોજ કયો આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- વર્લ્ડ નો ટોબેકો ડે

૨ ૧ રૂપિયાની નવી નોટનો કલર કેવો હશે ?
- લીલો– ગુલાબી

૩ ૧ રૂપિયાની નોટ પર કોની સહી હોય છે ?
- નાણામંત્રાલયના સચિવ

૪ ૧ રૂપિયાની નોટમાં પાછળના ભાગે કોની તસવીર છે ?
- સાગર સમ્રાટ

૫ ૩૦ મે ૨૦૧૭ના રોજ કયાં શહેર (ઈરાન) માં બેવડો આતંકી હુમલો થયો ?
- બગદાદ

૬ હાલમાં દેશમાં કયા રાજ્યમાં ડોક્ટરોની નિવૃતી વય ૬૦ થી વધારી ૬૨ કરી દેવાઇ ?
- ઉત્તરપ્રદેશ

૭ શ્રીલંકામાં કયા વાવાઝોડાએ તબાહી સર્જી ?
- મોરા વાવાઝોડું

૮ શ્રીલંકામાં રાહત કામીગીરી માટે ભારતે કયાં બે જહાજ મોકલ્યા ?

(૧) આઇએનએસ શારદુલ

(૨) આઇએનએસ કિર્ચ

“સત્યમેવ જયતે”

Vivekanand Academy Gandhinagar